Extra No. 87

REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

Vol. L] THURSDAY, JUNE 25, 2009/ASADHA 4, 1931

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જૂન, ૨૦૦૯.

તારીખ : ૨૫મી જૂન, ૨૦૦૯ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૦૯ના ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૨નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. એ. પરમાર,
સરકારના સંયુક્ત સચિવ.

**GUJARAT BILL NO. 12 OF 2009.**

## THE KAMDHENU UNIVERSITY BILL, 2009.

### A BILL

*to establish and incorporate a teaching and affiliating University for the development of Veterinary and Animal Sciences and for furthering the advancement of learning, conducting of research and dissemination of findings of research and other technical information in Veterinary and Animal Sciences including Dairy Science, Fisheries and allied sciences in the State of Gujarat.*

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિધ્ધ કર્યુ છે :-

**સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૨ .**

## કામધેનુ યુનિવર્સિટી વિધેયક, ૨૦૦૯.

ગુજરાત રાજયમાં પશુચિકિત્સા અને પશુવિજ્ઞાનનો વિકાસ કરવા માટે અને ડેરી વિજ્ઞાન, મત્સ્યોદ્યોગ અને સંલગ્ન વિજ્ઞાનો સહિત પશુચિકિત્સા અને પશુવિજ્ઞાનમાં અભ્યાસને આગળ ધપાવવા, સંશોધન હાથ ધરવા અને સંશોધનના નિષ્કર્ષના અને બીજી ટેકનિકલ માહિતીના પ્રસાર માટે અધ્યાપન અને જોડાણ કરતી યુનિવર્સિટીની સ્થાપના અને તેના સંસ્થાપન બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજયના સાઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

### પ્રકરણ ૧

### પ્રારંભિક

૧. (૧) આ અધિનિયમ કામધેનુ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને આરંભ.

(૨) આ કલમ તરત જ અમલમાં આવશે અને બાકીની જોગવાઈઓ, રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નકકી કરે તેવી તારીખે અમલમાં આવશે અને અધિનિયમની જુદી જુદી જોગવાઈઓ માટે જુદી જુદી તારીખો નકકી કરી શકાશે અને આ અધિનિયમના આરંભની તારીખ માટે આવી જોગવાઈમાંના કોઈપણ ઉલ્લેખનો અર્થ, તે જોગવાઈ અમલમાં આવ્યાની તારીખના ઉલ્લેખ તરીકે કરવો જોઈશે.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો- વ્યાખ્યા.

(૧) ''એકેડેમિક કાઉન્સિલ '' એટલે કલમ ૨૩ હેઠળ રચાયેલી યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલ;

(૨) ''સંલગ્ન કોલેજ'' એટલે કલમ ૪૬ હેઠળ યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજ;

સન ૨૦૦૪નો ગુજરાતનો ૫મો. (૩) ''કૃષિ યુનિવર્સિટીઓ'' એટલે ગુજરાત કૃષિ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૪ની કલમ ૩ હેઠળ રચાયેલી કૃષિ યુનિવર્સિટીઓ;

(૪) ''અધિકારીમંડળ'' એટલે કલમ ૨૦માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનું યુનિવર્સિટીનું કોઇ અધિકારીમંડળ;

(૫) ''પશુ'' અથવા ''પશુધન''માં પક્ષીઓ, માછલી, વન્યજીવો અને સરીસૃપો સહિત સસ્તન પ્રાણીઓનો સમાવેશ થાય છે;

(૬) ''બોર્ડ'' એટલે કલમ ૨૧ હેઠળ રચાયેલું યુનિવર્સિટીનું બોર્ડ ઓફ મેનેજમેન્ટ;

(૭) ''કોલેજ'' એટલે પશુચિકિત્સા અને પશુવિજ્ઞાનમાં અભ્યાસ અથવા તાલીમના અભ્યાસક્રમો પૂરા પાડતી અથવા સંશોધનની સુવિધા આપતી અથવા વિસ્તરણ શિક્ષણ આપતી, યુનિવર્સિટીના પદવી, ડિપ્લોમા અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન એનાયત કરવા યુનિવર્સિટીએ સ્થાપેલી અથવા તેના દ્વારા નીભાવાતી અથવા તેને સંલગ્ન કોઇ કોલેજ અથવા સંસ્થા પણ તેમાં આ અધિનિયમના આરંભની તારીખે વિદ્યમાન કૃષિ યુનિવર્સિટીઓએ સ્થાપેલી અથવા નીભાવાતી અથવા તેને સંલગ્ન અથવા તેની માન્યતા મેળવેલ કોઇ કોલેજ અથવા સંસ્થાનો સમાવેશ થશે નહિ;

(૮) ''ઘટક કોલેજ'' એટલે બોર્ડના સીધા નિયંત્રણ અને સંચાલન હેઠળની યુનિવર્સિટીની કોલેજ;

(૯) ''ડીન'' એટલે કોલેજોના ડીન અને વિદ્યાશાખાઓના ડીન;

(૧૦) ''નિયામક'' એટલે કલમ ૧૯ હેઠળ નીમાયેલા સંશોધન નિયામક, વિસ્તરણ શિક્ષણ નિયામક, ઈન્ફર્મેશન ટેકનોલોજી નિયામક, અથવા યથાપ્રસંગ, વિદ્યાર્થી કલ્યાણ નિયામક;

(૧૧) ''વિસ્તરણ શિક્ષણ'' એટલે પશુઓના માલિકો, ખેડૂતો, ડેરી ઉદ્યોગના કર્મચારીઓ, મરઘાંબતકાં ઉછેર કરતા ઉદ્યોગસાહસિકોને અને માછીમારોને પશુધન અને પશુધન સાથે સંકળાયેલા ઉત્પાદનો સંબંધી સ્વાસ્થ્ય, ઉત્પાદન અને તેની બજાર વ્યવસ્થાને લગતી સુધારેલી પશુપાલન પધ્ધતિઓની સંમેલનો, નિદર્શનો અને અધ્યાપનની બીજી રીતોથી સુધારેલી પશુપાલન પધ્ધતિઓ શીખવવા સહિત તાલીમ આપવા સંબંધી શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને આવી શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરવા માટેના જરૂરી કાર્યકરોને આપવાની તાલીમ;

(૧૨) ''વિસ્તરણ શિક્ષણ પરિષદ'' એટલે કલમ ૨૭ હેઠળ રચાયેલી યુનિવર્સિટીની પશુચિકિત્સા અને પશુવિજ્ઞાન વિસ્તરણ શિક્ષણ પરિષદ;

(૧૩) ''વિદ્યાશાખા'' એટલે મદદનીશ પ્રાધ્યાપક અથવા તેને સમકક્ષ અથવા તેનાથી ઉપરનો દરજ્જો ધરાવતા યુનિવર્સિટીની કોઇ કોલેજ, સંશોધન મથક, વિસ્તરણ કેન્દ્ર અથવા વિભાગનો અધ્યાપન, સંશોધન અને વિસ્તરણ સ્ટાફ;

(૧૪) ''નાણા અને હિસાબી અધિકારી'' એટલે કલમ ૧૬ હેઠળ નીમાયેલા યુનિવર્સિટીના નાણા અને હિસાબી અધિકારી;

(૧૫) ''વિભાગના વડા'' એટલે પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાનમાં શિક્ષણ આપવા અથવા પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાનમાં સંશોધન યોજવા અને માર્ગદર્શન આપવા અને વિભાગમાં વિસ્તરણ શિક્ષણના કાર્યક્રમો યોજવા અને માર્ગદર્શન આપવા મુખ્યતઃ જવાબદાર અધ્યાપક;

(૧૬) ''છાત્રાલય'' એટલે યુનિવર્સિટીના ભાગ તરીકે અથવા તેનાથી અલગ હોય તેવું યુનિવર્સિટી દ્વારા નિભાવવામાં આવતું અથવા માન્ય કરેલું વિદ્યાર્થીઓનું નિવાસનું એકમ;

(૧૭) ''અધિકારી'' એટલે કલમ ૧૦ હેઠળ નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના યુનિવર્સિટીના અધિકારી;

(૧૮) ''અન્ય કર્મચારી'' એટલે આ અધિનિયમમાં વ્યાખ્યા કર્યા પ્રમાણેના અધિકારી અને અધ્યાપક સિવાયના કર્મચારી;

(૧૯) '' ઠરાવેલું'' એટલે સ્ટેચ્યુટથી ઠરાવેલું;

(૨૦) ''માન્ય સંસ્થા'' એટલે આ અધિનિયમ અમલમાં આવવાની તારીખે વિદ્યમાન કૃષિ યુનિવર્સિટીઓની માન્ય સંસ્થા સિવાયની યુનિવર્સિટીએ તે તરીકે માન્ય કરેલી ઉચ્ચ અભ્યાસ, સંશોધન અથવા વિશેષિત અભ્યાસની કોલેજ સિવાયની સંસ્થા;

(૨૧) ''રજિસ્ટર થયેલો સ્નાતક '' એટલે આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ રજિસ્ટર થયેલો સ્નાતક;

(૨૨) ''રજિસ્ટ્રાર'' એટલે કલમ ૧૪ હેઠળ નીમાયેલા યુનિવર્સિટીના રજિસ્ટ્રાર;

(૨૩) ''વિનિયમો'' એટલે કલમ ૩૭ હેઠળ એકેડેમિક કાઉન્સિલ અને બીજા અધિકારીમંડળોએ કરેલા યુનિવર્સિટીના વિનિયમો;

(૨૪) ''સંશોધન પરિષદ'' એટલે કલમ ૨૫ હેઠળ રચાયેલી યુનિવર્સિટીની પશુચિકિત્સા અને પશુવિજ્ઞાન સંશોધન પરિષદ;

(૨૫) ''સંશોધન મથક'' એટલે યુનિવર્સિટી સ્થાપે અથવા મંજૂર કરે તેવા સંશોધન મથકો;

(૨૬) ''સ્ટેચ્યુટો'' એટલે કલમ ૩૬ હેઠળ બોર્ડે કરેલ સ્ટેચ્યુટો;

(૨૭) ''વિદ્યાર્થી'' એટલે પદવી, ડિપ્લોમા અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન માટે અભ્યાસ કરવા માટે યુનિવર્સિટીમાં નોંધાયેલી વ્યકિત;

(૨૮) ''અધ્યાપક '' એટલે પ્રશિક્ષણ આપવાના અથવા સંશોધન અથવા માર્ગદર્શન કરવાના અથવા વિસ્તરણ શિક્ષણના કાર્યક્રમો કરવાના હેતુ માટે યુનિવર્સિટીએ નીમેલી અથવા તે તરીકે માન્ય કરેલી વ્યક્તિ અને તેમાં મદદનીશ પ્રાધ્યાપકના દરજ્જાથી ઉતરતા દરજ્જાની ન હોય તેવી સ્ટેચ્યુટોથી જેને અધ્યાપક તરીકે જાહેર કરવામાં આવે તેવી તેને સમકક્ષ બીજી કોઇ વ્યકિતનો સમાવેશ થશે;

(૨૯) '' યુનિવર્સિટી '' એટલે કલમ ૩ હેઠળ સ્થપાયેલી અને રચાયેલી "કામધેનુ યુનિવર્સિટી";

(૩૦) ''પશુચિકિત્સા'' એટલે પશુ સ્વાસ્થ્યની સંભાળ લેવાનું વિજ્ઞાન અને કલા;

(૩૧) ''પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાન'' એટલે ડેરી, મરઘાંબતકાં ઉછેર, મત્સ્યોદ્યોગ, વન્યજીવન, પશુ સ્વાસ્થ્ય, પશુ પુનર્જનન, ઉત્પાદન ટેકનોલોજી, પ્રક્રિયા ટેકનોલોજી અને પશુ વ્યવસ્થાપન અને ગ્રામીણ અને શહેરી જનતાના સામાજિક-આર્થિક ઉત્કર્ષ માટેના સંબંધિત સંસાધનો સહિતનું બુનિયાદી અને પ્રયોજિત પશુચિકિત્સા વિજ્ઞાન;

(૩૨) ''ભારતીય પશુચિકિત્સા પરિષદ અથવા ગુજરાત પશુચિકિત્સા પરિષદ'' એટલે ભારતીય પશુચિકિત્સા પરિષદ અધિનિયમ, ૧૯૮૪ હેઠળ સંસ્થાપિત પરિષદ;

સન ૧૯૮૪નો પરમો.

(૩૩) ''કુલપતિ'' એટલે કલમ ૧૨ હેઠળ નીમાયેલા યુનિવર્સિટીના કુલપતિ.

## પ્રકરણ ૨

## યુનિવર્સિટી

યુનિવર્સિટીની સ્થાપના અને સંસ્થાપન.

૩. (૧) ''કામધેનુ યુનિવર્સિટી'' એ નામની એક યુનિવર્સિટી સ્થાપવામાં અને રચવામાં આવશે.

(૨) યુનિવર્સિટીના કુલાધિપતિ, પ્રથમ કુલપતિ અને બોર્ડ ઓફ મેનેજમેન્ટના પ્રથમ સભ્યો અને એકેડેમિક કાઉન્સિલ અને હવે પછી એવા અધિકારીઓ અથવા સભ્યો બને તેવી તમામ બીજી વ્યકિતઓથી, જે પોતાનો એવો હોદ્દો અથવા સભ્યપદ ધારણ કરવાનું ચાલુ રાખે ત્યાં સુધી, આથી, ''કામધેનુ યુનિવર્સિટી ''એ નામનું સંસ્થાપિત મંડળ રચવામાં આવે છે.

(૩) યુનિવર્સિટી શાશ્વત ઉત્તરાધિકાર અને એક સામાન્ય સીલ ધરાવતું સંસ્થાપિત મંડળ ગણાશે અને સદરહુ નામથી તે દાવો માંડી શકશે અને તેના ઉપર દાવો માંડી શકાશે.

(૪) યુનિવર્સિટી જંગમ અને સ્થાવર એમ બન્ને પ્રકારની મિલકત સંપાદિત કરી શકશે અને ધરાવી શકશે અને યુનિવર્સિટીના હેતુઓ માટે તેનામાં નિહિત થાય અથવા તે સંપાદિત કરે તેવી કોઇ જંગમ અથવા સ્થાવર મિલકત પટે આપી શકશે, વેચી શકશે અથવા અન્યથા તબદીલ કરી શકશે અને કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અથવા કોઇ બીજા સ્રોત પાસેથી નાણા ઉછીના લઇ શકશે અને તેની અસ્કયામતોની જામીનગીરીઓ ઉપર લોન ઊભી કરી શકશે અને કરાર કરી શકશે અને આ અધિનિયમના હેતુઓ માટે જરૂરી હોય તેવું બીજું બધું કરી શકશેઃ

પરંતુ આવી કોઇ લોન ઊભી કરવાની સત્તા, રાજ્ય સરકારની પૂર્વ પરવાનગી મેળવ્યા પછી વાપરવી જોઇશે.

યુનિવર્સિટીનું મુખ્ય મથક. ૪. યુનિવર્સિટીનું મુખ્ય મથક, રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવા સ્થળે રહેશે.

હકૂમત. ૫. (૧) પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાનોના ક્ષેત્રમાં યુનિવર્સિટી અથવા કોલેજ સ્તરે સંશોધન અને વિસ્તરણ શિક્ષણ કાર્યક્રમોના અધ્યાપન સંબંધમાં, યુનિવર્સિટીની પ્રાદેશિક હકૂમત અને વિશેષાધિકારો સમગ્ર ગુજરાત રાજયને લાગુ પડશે.

(૨) યુનિવર્સિટી, પશુચિકિત્સા, પશુપાલન, ડેરી, મરઘાંબતકાં ઉછેર અને મત્સ્યોદ્યોગ તાલીમ અથવા શૈક્ષણિક કેન્દ્રો અને સંશોધન અને પ્રાયોગિક મથકોના સ્થાપન અને નિભાવની જવાબદારી ધારણ કરી શકશે અને રાજયના વિવિધ ભાગોમાં જરૂરિયાત પ્રમાણે આવા કેન્દ્રો દ્વારા ક્ષેત્ર અથવા વિસ્તરણ કાર્યકરોની તાલીમનો કાર્યક્રમ હાથ ધરી શકશે.

(૩) યુનિવર્સિટીની હકૂમત અને સત્તાધિકાર હેઠળ આવતી તમામ કોલેજો, સંશોધન અને પ્રાયોગિક મથકો અને બીજી સંસ્થાઓ, યુનિવર્સિટીના સંચાલન અને નિયંત્રણ હેઠળના યુનિવર્સિટીના ઘટક એકમો બનશે.

(૪) યુનિવર્સિટીની હકૂમત, સંલગ્ન કોલેજો અને માન્ય સંસ્થાઓને લાગુ પડશે.

(૫) પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાનોમાં શિક્ષણ આપતી અથવા સંશોધન અને માર્ગદર્શન આપતી અથવા વિસ્તરણ શિક્ષણ કાર્યક્રમો કરતી અને માર્ગદર્શન આપતી અને યુનિવર્સિટી હકૂમતની અંદર આવેલી કોઇપણ શૈક્ષણિક સંસ્થા, યુનિવર્સિટીની સંમતિ અને રાજય સરકારની મંજૂરી હોય તે સિવાય, કાયદાથી સ્થપાયેલી કોઇ બીજી યુનિવર્સિટીના વિશેષાધિકારો પૈકી કોઇપણ સાથે કોઇપણ રીતે જોડાઇ શકશે નહિ અથવા તેમાં પ્રવેશ મેળવી શકશે નહિ.

(૬) આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, કૃષિ યુનિવર્સિટીઓના નિયંત્રણ અને વહીવટ હેઠળની તમામ કોલેજો, સંસ્થાઓ, સંશોધન મથકો, કેન્દ્રો અથવા બીજા એકમો અથવા કૃષિ યુનિવર્સિટી સાથે સંલગ્ન અથવા તેની માન્યતા મેળવેલ કોલેજો, સંસ્થાઓ, સંશોધન મથકો, કેન્દ્રો અથવા બીજા એકમો સંબંધિત કૃષિ યુનિવર્સિટીના વિશેષાધિકારો ભોગવવાનું ચાલુ રાખશે. કૃષિ યુનિવર્સિટીઓને પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાનોને લાગે વળગે છે ત્યાં સુધી આ અધિનિયમના આરંભની તારીખે વિદ્યમાન ઉપર્યુકત કોલેજો, સંસ્થાઓ, સંશોધન મથકો, કેન્દ્રો અને બીજા એકમોમાં તેમના કેમ્પસમાં તેમની પ્રવૃત્તિ ચાલુ રાખવાની અને તેને વિસ્તૃત કરવાની છૂટ રહેશે.

યુનિવર્સિટીના ઉદ્દેશો. ૬. યુનિવર્સિટીના ઉદ્દેશો નીચે પ્રમાણે રહેશે:-

(ક) પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાનોમાં શિક્ષણ આપવા માટેની જોગવાઇ કરવી;

(ખ) પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાનોમાં અધ્યયન અને સંશોધનની પ્રવૃત્તિને આગળ ધપાવવી;

(ગ) પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાનોમાં યોગ્ય માધ્યમ દ્વારા વિસ્તરણ શિક્ષણ હાથ ધરવું;

(ઘ) બીજા વ્યાવસાયિક અભ્યાસોને સહાયક બનવાના હેતુથી બુનિયાદી વિજ્ઞાનના અભ્યાસ માટે જોગવાઇ કરવી અને તે દ્વારા યુનિવર્સિટીના પાઠયક્રમોમાં આવા અભ્યાસોને સાંકળી લેવા;

(ચ) પશુઓ અને પશુધનની ઉત્પાદકતાને ઉત્તેજન આપવાના હેતુથી પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાનોમાં અધ્યાપન, સંશોધન અને વિસ્તરણ શિક્ષણનો સમન્વય હાથ ધરવો;

(છ) યુનિવર્સિટી યોગ્ય ગણે તેવી પદવી, ડિપ્લોમા, પ્રમાણપત્રો અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન એનાયત કરવા;

(જ) રાજય સરકાર, યુનિવર્સિટીની અરજી ઉપરથી, રાજપત્રમાં જાહેરનામાથી, આ અર્થે નિર્દિષ્ટ કરે તેવા આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવા બીજા હેતુઓ.

૭. (૧) કોઈપણ વ્યક્તિને લિંગ, જાતિ, પંથ, જ્ઞાતિ, વર્ગ, જન્મસ્થળ, ધાર્મિક માન્યતા અથવા રાજકીય અથવા બીજા મંતવ્ય હોવાના એકમાત્ર કારણે જ યુનિવર્સિટીના કોઈ હોદ્દાથી અથવા યુનિવર્સિટીના કોઈ અધિકારીમંડળ, મંડળો અથવા સમિતિઓના સભ્યપદથી અથવા કોઈ પદવી, ડિપ્લોમા અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટમાનથી અથવા કોઈ અભ્યાસક્રમના શિક્ષણ માટેના પ્રવેશથી બાકાત રાખી શકાશે નહિ. લિંગ, ધર્મ, વર્ગ, પંથ કે મંતવ્યના ભેદ વિના યુનિવર્સિટી બધાને માટે ખુલ્લી રહેશે.

(૨) કોઈ વ્યક્તિને, યુનિવર્સિટીના અધ્યાપક કે વિદ્યાર્થી તરીકે દાખલ થવાનો અથવા કોઈ હોદ્દો કે જગા ધરાવવાનો અથવા કોઈ પદવી, ડિપ્લોમા અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન માટે લાયકાત મેળવવાનો અથવા યુનિવર્સિટીનો કોઈ વિશેષાધિકાર ભોગવવાનો કે વાપરવાનો અથવા તેનો લાભ મેળવવાનો હક મળી શકે તે માટે, યુનિવર્સિટી ધાર્મિક માન્યતા, જાતિ, પંથ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થળ, વર્ગ અને રાજકીય અથવા બીજા કોઈ મંતવ્ય અંગેની કોઈ કસોટી રાખે, તો તે, કાયદેસર ગણાશે નહિ.

(૩) પેટા-કલમો (૧) અને (૨)માં જણાવેલી જોગવાઈઓને અધીન રહીને, રાજ્ય સરકાર યુનિવર્સિટીને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓના સભ્યો અથવા ભારતમાંના બીજા કોઈ રાજયોના નાગરિકો માટે કોઈ કોલેજમાં વિદ્યાર્થી તરીકે પ્રવેશના હેતુ માટે બેઠકો અનામત રાખવાનો આદેશ કરી શકશેઃ

પરંતુ આ કલમમાંના કોઈપણ મજકૂરથી યુનિવર્સિટીને ઠરાવેલી સંખ્યા કરતાં વધારે અથવા ઠરાવેલી શૈક્ષણિક અથવા બીજી લાયકાત કરતાં ઉતરતી લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓને કોઈ અભ્યાસક્રમમાં પ્રવેશ આપવા ફરમાવી શકાશે નહિ.

૮. આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, યુનિવર્સિટીને નીચેની સત્તા રહેશે અને તે નીચેના કાર્યો બજાવશેઃ- યુનિવર્સિટીની સત્તા અને કાર્યો.

(૧) પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાનો અને અભ્યાસની બીજી શાખાઓમાં પૂર્વસ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ શિક્ષણ અને પ્રશિક્ષણની જોગવાઈ કરવી;

(૨) પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાન અને અભ્યાસની બીજી શાખાઓમાં સંશોધન કરવા માટે જોગવાઈ કરવી;

(૩) વિસ્તરણ શિક્ષણ કાર્યક્રમો દ્વારા સંશોધનના તારણો, ટેક્નોલોજી અને ટેકનિકલ માહિતીના પ્રસાર માટે જોગવાઈ કરવી;

(૪) વિવિધ પરીક્ષાઓ માટે પ્રશિક્ષણના અભ્યાસક્રમો ઠરાવવા;

(૫) જે વ્યક્તિઓએ યુનિવર્સિટીમાંથી અથવા કોઈ સંલગ્ન કોલેજમાંથી અથવા માન્ય સંસ્થાઓમાંથી અભ્યાસના મંજૂર કરેલ અભ્યાસક્રમ પૂર્ણ કરેલ હોય અથવા સંશોધનકાર્ય કરેલું હોય તેઓની પરીક્ષાઓ લેવી અને પદવીઓ, ડિપ્લોમા અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાનો આપવા અને પ્રમાણપત્રો આપવા;

(૬) ઠરાવવામાં આવે તેવી માનદ્ પદવીઓ, ડિપ્લોમા અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાનો એનાયત કરવા;

(૭) યુનિવર્સિટી દ્વારા મળેલા અથવા તેણે આપેલી કોઈ પદવી, ડિપ્લોમા અથવા પ્રમાણપત્રો ઠરાવવામાં આવે એવી રીતે પાછા ખેંચવા અથવા રદ કરવા;

(૮) યુનિવર્સિટીમાં નિયમિત વિદ્યાર્થીઓ તરીકે નોંધાયેલાં ન હોય તેવા ક્ષેત્રીય કાર્યકરો, ગામના આગેવાનો અને બીજી વ્યક્તિઓ માટે વ્યાખ્યાન, પ્રશિક્ષણ અને તાલીમની જોગવાઈ કરવી અને ઠરાવવામાં આવે તેવી રીતે તેમને પ્રમાણપત્ર આપવા;

(૯) યુનિવર્સિટી નકકી કરે તેવા હેતુઓ માટે અને તેવી રીતે કોઈ બીજી યુનિવર્સિટીઓ અને સંસ્થાઓ સાથે સહયોગ કરવો અને સહકાર આપવો;

(૧૦) પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાનોને લગતી કોલેજ, શાળાઓ, કેન્દ્રો, વિભાગો અને સંસ્થાઓ સ્થાપવી અને નિભાવવી;

(૧૧) અધ્યાપન, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ માટે પ્રયોગશાળાઓ, ગ્રંથાલયો, સંશોધન મથકો, સંસ્થાઓ અને સંગ્રહાલયો સ્થાપવા અને નિભાવવા;

(૧૨) અધ્યાપન, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ માટે વહીવટી, કારકુની અને બીજા હેતુઓ માટે જગાઓ ઊભી કરવી અને તેની ઉપર નિમણૂકો કરવી;

(૧૩) અધ્યેતાવૃત્તિઓ, શિષ્યવૃત્તિઓ, વૃત્તિકા, ચંદ્રકો, પુરસ્કારો અને બીજા પારિતોષિકો શરૂ કરવા અને આપવા;

(૧૪) યુનિવર્સિટીના સ્ટાફ અને વિદ્યાર્થીઓ માટે છાત્રાલયો અને નિવાસની સવલતો સ્થાપવી, નિભાવવી અને તેનું વ્યવસ્થાપન કરવું;

(૧૫) ઠરાવવામાં આવે તેટલી ફી અને બીજા ચાર્જ નકકી કરવા; માંગવા, મેળવવા અને વસૂલ કરવા;

(૧૬) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના નિવાસનું સંકલન કરવુ, દેખરેખ રાખવી, વર્તણૂક અને શિસ્તનું નિયમન કરવું અને નિયંત્રણ કરવું અને તેમના શિક્ષણ, સ્વાસ્થ્ય અને કલ્યાણના ઉત્તેજન માટે ગોઠવણ કરવી;

(૧૭) ગુજરાત રાજયમાંના સૂકા વિસ્તારો અને અછત સંભવિત વિસ્તારોના સંબંધમાં પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાનોમાં સંશોધન અને વિસ્તરણ શિક્ષણ માટે વિશેષ જોગવાઈ કરવી;

(૧૮) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના લાભ માટે માહિતી અને રોજગાર બ્યુરો શરૂ કરવા અને તેની વ્યવસ્થા કરવી;

(૧૯) ભારત સરકાર અને રાજય સરકારો હેઠળની સેવાઓમાં ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તાલીમ માટે ગોઠવણ કરવી;

(૨૦) શૈક્ષણિક સંસ્થાઓને જોડાણ, માન્યતા અથવા મંજૂરી દ્વારા યુનિવર્સિટી સાથે જોડવા અથવા તેના વિશેષાધિકારો આપવા;

(૨૧) શૈક્ષણિક સંસ્થાઓના જોડાણ અથવા માન્યતા, સમગ્ર અથવા અંશતઃ પાછા ખેંચવા અથવા તેમાં ફેરફાર કરવા;

(૨૨) કોલેજો, માન્ય સંસ્થાઓ અને મંજૂર કરેલી સંસ્થાઓની તપાસણી કરવા અને તેમાં પ્રશિક્ષણ, અધ્યાપન અને તાલીમના યોગ્ય ધોરણો જળવાય અને તેમાં પૂરતા ગ્રંથાલય અને પ્રયોગશાળાની જોગવાઈઓ કરવામાં આવે તેવું સુનિશ્ચિત કરવું;

(૨૩) યુનિવર્સિટીના અધ્યાપકીય, બીજા શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્યોના પગાર ધોરણો અને ભથ્થાં અને તેમની સેવાની બીજી શરતો ઠરાવવાની અને તેનું નિયમન કરવું. પગારધોરણો અને ભથ્થાંનો અમલ રાજય સરકારની મંજૂરીથી કરવાનો રહેશે;

(૨૪) યુનિવર્સિટી, સંલગ્ન કોલેજો અને માન્ય સંસ્થાઓના વિદ્યાર્થી સંઘો અથવા અધ્યાપકો, શૈક્ષણિક સ્ટાફ અથવા બીજા કર્મચારીઓના મંડળોની માન્યતા માટે જોગવાઈ કરવાની;

(૨૫) ટ્રસ્ટ અને દેણગીઓ ધરાવવાની અને તેની વ્યવસ્થા કરવાની; અને

(૨૬) યુનિવર્સિટીના ઉદ્દેશો આગળ ધપાવવા માટે જરૂરી હોય તેવા, ઉપર્યુકત સત્તાને આનુષંગિક બીજા તમામ કૃત્યો અને કાર્યો કરવાની.

તપાસણી અને તપાસ.

૯. (૧) કુલાધિપતિને, પોતે આદેશ કરે તેવી વ્યકિત અથવા વ્યકિતઓ દ્વારા યુનિવર્સિટી, સંલગ્ન, માન્ય અથવા મંજૂર કરેલ કોલેજ અથવા સંસ્થાની, તેના મકાનો, પ્રયોગશાળાઓ, ગ્રંથાલયો, સંગ્રહાલયો, કાર્યશિબિરો અને તેની સાધનસામગ્રીની અથવા યુનિવર્સિટી, કોલેજ અથવા સંસ્થા દ્વારા નિભાવાતી, માન્ય અથવા મંજૂર કરેલ છાત્રાલયની અથવા યુનિવર્સિટી અથવા તેના ઉપક્રમ હેઠળ ચલાવાતા અધ્યાપન અથવા બીજા કાર્યની અને યુનિવર્સિટી દ્વારા લેવાતી પરીક્ષાઓના સંચાલનની તપાસણી કરાવવાનો અને યુનિવર્સિટી સાથે સંબંધ ધરાવતી કોઈપણ બાબતના સંબંધમાં એવી જ રીતે તપાસ કરાવવાનો હક રહેશે.

(૨) કુલાધિપતિએ, દરેક પ્રસંગે, યુનિવર્સિટીને, કોલેજને અને સંસ્થાને તપાસણી કે તપાસ કરાવવાના પોતાના ઈરાદાની નોટિસ આપવી જોઈશે અને યુનિવર્સિટી, કોલેજ અને સંસ્થાને તે તપાસના સમયે પોતાની રજૂઆત કરવાનો હક રહેશે.

(૩) કુલાધિપતિ, યુનિવર્સિટીને આવી તપાસણી કે તપાસના પરિણામ અંગે પોતાના મંતવ્યો જણાવશે અને તે વિષે યુનિવર્સિટીના અભિપ્રાય જાણી લીધા પછી યુનિવર્સિટીને તેણે લેવાનાં પગલાં વિષે સલાહ આપશે અને એવા પગલાં લેવા માટેની સમયમર્યાદા નક્કી કરશે.

(૪) કુલાધિપતિએ આપેલી સલાહ ઉપરથી યુનિવર્સિટીએ, પોતે કાંઈ પગલાં લીધા હોય, અથવા પોતે કયા પગલાં લેવા માંગે છે તે વિષે પોતાના અભિપ્રાય સહિત પોતાનો રિપોર્ટ કુલાધિપતિને એવી રીતે નક્કી કરેલી સમયમર્યાદાની અંદર સાદર કરવાનો રહેશે.

(૫) યુનિવર્સિટી, કુલાધિપતિને ખાતરી થાય તેવી રીતે નક્કી કરેલી સમયમર્યાદામાં પગલાં ન લે તો કુલાધિપતિ, યુનિવર્સિટીએ આપેલો કોઈ ખુલાસો અથવા કરેલી રજૂઆત વિચારણામાં લીધા પછી, પોતાને યોગ્ય લાગે તેવા આદેશો આપી શકશે અને યુનિવર્સિટીએ એવા આદેશોનું પાલન કરવું જોઈશે.

(૬) રાજય સરકાર, પોતાને જયારે જયારે યોગ્ય જણાય ત્યારે પેટા-કલમો (૧) થી (૪)માં ઠરાવેલી રીતે કરવાની તપાસણી અથવા તપાસ કરાવડાવી શકશે અને તેને આવી તપાસણી અથવા તપાસના હેતુઓ માટે, સદરહુ પેટા-કલમો હેઠળની કુલાધિપતિની તમામ સત્તા રહેશે.

(૭) ઉપરની પેટા-કલમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં, કોઈપણ સમયે કુલાધિપતિનો એવો અભિપ્રાય હોય કે યુનિવર્સિટીના કામકાજનું સંચાલન તેના ઉદ્દેશો આગળ ધપે તેમ અથવા આ અધિનિયમ અને વિનિયમોની જોગવાઈઓ અનુસાર થતું નથી અથવા યુનિવર્સિટીના અધ્યાપન, પરીક્ષા, સંશોધન અથવા વિસ્તરણ શિક્ષણના ધોરણો જાળવવા માટે ખાસ પગલાં ઈચ્છનીય છે, તો જે બાબત અંગે તેઓ ખુલાસો ઈચ્છતા હોય તેના સંબંધમાં યુનિવર્સિટીને જણાવી શકશે અને પોતે નિર્દિષ્ટ કરે તેટલા સમયમાં એવો ખુલાસો આપવા યુનિવર્સિટીને જણાવી શકશે. યુનિવર્સિટી નિર્દિષ્ટ કરેલી સમયમર્યાદાની અંદર યોગ્ય ખુલાસો ન આપે અથવા ખુલાસો કુલાધિપતિના અભિપ્રાય પ્રમાણે સંતોષકારક ન હોય, તો તે, પોતે યોગ્ય ગણે તેવા આદેશો આપી શકશે.

(૮) કુલાધિપતિ, યુનિવર્સિટીના વહીવટ અને નાણાને લગતી વખતોવખત ફરમાવે તેવી માહિતી યુનિવર્સિટીએ પૂરી પાડવી જોઈશે.

## પ્રકરણ ૩
## યુનિવર્સિટીના અધિકારીઓ

૧૦. યુનિવર્સિટીમાં નીચેના અધિકારીઓ રહેશે:- યુનિવર્સિટીના અધિકારીઓ.

[૧] કુલાધિપતિ,
[૨] કુલપતિ,
[૩] વિદ્યાશાખાના ડીન,
[૪] નિયામકો,
[૫] રજિસ્ટ્રાર, અને
[૬] નાણા અને હિસાબી અધિકારી.

૧૧. (૧) ગુજરાત રાજયના રાજયપાલ, તેમના હોદ્દાની રૂએ, યુનિવર્સિટીના કુલાધિપતિ રહેશે. કુલાધિપતિ.

(૨) કુલાધિપતિ, યુનિવર્સિટીના વડા બનશે અને હાજર હોય ત્યારે યુનિવર્સિટીના પદવીદાન સમારંભનું પ્રમુખસ્થાન લેશે.

(૩) માનદ પદવી એનાયત કરવા માટેની દરેક દરખાસ્ત કુલાધિપતિની બહાલીને અધીન રહેશે.

(૪) કુલાધિપતિ આ અધિનિયમથી અથવા તે હેઠળ તેમને મળેલી આવી બીજી સત્તા વાપરશે અને તેમને સોંપવામાં આવેલી બીજી ફરજો બજાવશે.

કુલપતિ. ૧૨.(૧)(ક) કુલપતિ યુનિવર્સિટીના પૂર્ણ સમયના અધિકારી રહેશે અને, કુલપતિની નિમણૂક, પેટા-કલમ (૨) હેઠળના હેતુ માટે નીમાયેલી સમિતિએ પેટા-કલમ (૩) હેઠળ ભલામણ કરેલી ત્રણ વ્યક્તિઓમાંથી રાજ્ય સરકાર સાથે વિચારવિનિમય કરીને કુલાધિપતિ દ્વારા કરવામાં આવશે.

(ખ) પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાન અનુસ્નાતકની લાયકાત અને યુનિવર્સિટીના તંત્રમાં શિક્ષણકાર અથવા સંશોધનકાર અથવા વહીવટદાર તરીકેનો ઓછામાં ઓછા દસ વર્ષનો અનુભવ ધરાવતી હોય અને નિમણૂકની તારીખે પાંસઠ વર્ષથી વધુ ઉંમરની ન હોય તેવી વ્યક્તિ, પેટા-કલમ (૮)ની જોગવાઈઓને અધીન રહીને, કુલપતિ તરીકેની નિમણૂકને પાત્ર થશે:

પરંતુ પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાન પૈકી કોઈમાં ડોકટરેટની પદવી અને યુનિવર્સિટીના તંત્રમાં શિક્ષણકાર, અથવા સંશોધક અથવા વહીવટદાર તરીકેનો ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને પસંદગીમાં અગ્રતા આપવામાં આવશે.

(૨) (ક) પેટા-કલમ (૧)ના હેતુઓ માટે, કુલાધિપતિ પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાનના ક્ષેત્રમાંથી રાજ્ય સરકારે નામનિયુકત કરવાના ત્રણ સભ્યોની બનેલી સમિતિની રચના કરશે.

(ખ) કુલાધિપતિ, સમિતિના ત્રણ સભ્યો પૈકીના એક સભ્યને તેના અધ્યક્ષ તરીકે નીમશે.

(૩) એવી રીતે નીમેલી સમિતિ, સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેટલા સમયની અંદર અને તેવી રીતે, કુલપતિ તરીકે નીમાવા માટે યોગ્ય જણાતી હોય તેવી ત્રણ વ્યક્તિઓની, જે પેટા-કલમ (૧) ના ખંડ(ખ)માં જણાવેલી લાયકાતો ધરાવતી હોય તેની પસંદગી કરશે અને સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવી બીજી વિગતો સાથે એવી રીતે પસંદ કરેલી વ્યક્તિઓના નામની કુલાધિપતિને ભલામણ કરશે.

(૪) કુલપતિ, પોતાના હોદ્દો ધારણ કર્યાની તારીખથી પાંચ વર્ષની મુદત સુધી હોદ્દો ધરાવશે અને તેના હોદ્દાની મુદત પુરી થયા પછી પાંચ વર્ષની એક વધારાની મુદત અથવા તેમની ૬૫ વર્ષની ઉંમર પૂરી થાય - એ બન્નેમાંથી જે વહેલી હોય તેટલી મુદત સુધી તે હોદ્દા પર ફેરનિમણૂકને પાત્ર થશે.

(૫) કુલપતિનું મળતર અને સેવાની બીજી બોલીઓ અને શરતો, ઠરાવવામાં આવે તેવી રહેશે અને, તેની નિમણૂક પછી તેમને ગેરલાભ થાય તે રીતે તેમાં તેમની સંમતિ સિવાય ફેરફાર કરી શકાશે નહિ.

(૬) (ક) કુલપતિ, પોતાની સહીથી કુલાધિપતિને લેખિતમાં ઉદ્દેશીને પોતાના હોદ્દા પરથી રાજીનામુ આપી શકશે અને આવું રાજીનામુ, કુલાધિપતિ સ્વીકારે તે તારીખથી અમલમાં આવશે.

(ખ) કુલપતિએ, સામાન્ય રીતે પોતાના હોદ્દા પરથી મુક્ત થવા માંગતા હોય તે તારીખ અગાઉના ઓછામાં ઓછા ત્રીસ દિવસ પહેલા રાજીનામું મોકલી આપવું જોઈશે:

પરંતુ કુલાધિપતિ તેમને તે અગાઉ મુક્ત કરી શકશે અને કુલાધિપતિએ સ્વીકાર્યાની તારીખથી રાજીનામું અમલમાં આવશે.

(૭) (ક) કુલપતિની રજા અથવા ગેરહાજરી દરમિયાન, અથવા

(ખ) કુલપતિના હોદ્દાની જગા કાયમી રીતે ખાલી પડે તે કિસ્સામાં, તે હોદ્દા પર પેટા- કલમ (૧) હેઠળ નિમણૂક કરવામાં આવે ત્યાં સુધી,

તે હેતુ માટે કુલાધિપતિએ નામનિયુક્ત કરેલા પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાનમાં લાયકાત ધરાવતા યુનિવર્સિટીના અધિકારીઓ પૈકી કોઈપણ એક વરિષ્ઠ અધિકારી, કુલપતિના હોદ્દાની ચાલુ ફરજો બજાવશે.

(૮) કોઇ વ્યક્તિ, જે, -

(૧) સંસદ અથવા કોઇ રાજ્ય વિધાનમંડળ અથવા કોઇ સ્થાનિક સત્તામંડળની સભ્ય હોય, અથવા

(૨) રાજકીય પક્ષની સભ્ય હોય, અથવા

(૩) કોઇપણ સમયે નાદાર હોય અથવા થઇ હોય અથવા તેણે તેનું દેવું ચૂકવ્યું ન હોય અથવા તેના લેણદારો સાથે તેણે માંડવાળ કરી હોય, અથવા

(૪) તે અસ્થિર મગજની હોય, અથવા સક્ષમ કોર્ટે તેને તે તરીકે જાહેર કરેલી હોય, અથવા

(૫) તે કોઇ ગુનામાં દોષિત હોય અથવા દોષિત ઠરી હોય, જે કુલાધિપતિના અભિપ્રાય પ્રમાણે નૈતિક અધ:પતન સાથે સંકળાયેલો હોય તો,

તે કુલપતિ તરીકે નીમાવા અથવા કુલપતિ બનવા માટે ગેરલાયક ઠરશે.

(૯) પેટા-કલમ (૪)માં ગમે તે મજકૂર હોય તે છતાં, કુલાધિપતિ કોઇપણ સમયે કુલપતિને તેના હોદ્દા પરથી દૂર કરી શકશે, જો તેમના અભિપ્રાય પ્રમાણે, કુલપતિ-

(ક) પેટા-કલમ (૮)માં જણાવેલ પૈકીની કોઇ ગેરલાયકાતો ધરાવે છે અથવા ધરાવતો હતો, અથવા

(ખ) તેની ફરજો બજાવવામાં ગેરવર્તણૂક માટે દોષિત ઠર્યો હોય, અથવા

(ગ) કુલપતિ તરીકેની તેની ફરજો બજાવવા માટે શારીરિક અથવા માનસિક રીતે અસમર્થ થયો હોય, અથવા

(ઘ) તેણે તેના હોદ્દાનો એવી રીતે દુરુપયોગ કર્યો હોય કે તેને હોદ્દા પર ચાલુ રાખવાનું જાહેર હિતની વિરૂદ્ધ હોય, અથવા

(ચ) કોઇ વાજબી કારણ વિના ત્રણ મહિના કરતાં ઓછી નહિ તેટલી મુદત માટે તેની ફરજો બજાવવાનો ઇનકાર કર્યો હોય અથવા તેમાં ચૂક કરી હોય:

પરંતુ કુલપતિને સુનાવણીની તક આપ્યા સિવાય તેમના હોદ્દા પરથી દૂર કરી શકાશે નહિ.

૧૩. (૧) કુલપતિ યુનિવર્સિટીના મુખ્ય વહીવટી અને શૈક્ષણિક અધિકારી રહેશે અને તેઓ હોદ્દાની રૂએ બોર્ડ, એકેડેમિક કાઉન્સિલ અને બીજા અધિકારીમંડળોના અધ્યક્ષ રહેશે. કુલાધિપતિની ગેરહાજરી દરમિયાન તેઓ યુનિવર્સિટીના કોઇપણ પદવીદાન સમારંભનું અધ્યક્ષસ્થાન લેશે. તેમને યુનિવર્સિટીના બીજા કોઇ અધિકારીમંડળની અથવા મંડળની બેઠકમાં બોલવાના અધિકાર સહિત હાજર રહેવાનો અધિકાર રહેશે, પરંતુ તે અધિકારીમંડળ અથવા મંડળના સભ્ય ન હોય તો તેમાં તેમને મત આપવાનો અધિકાર રહેશે નહિ. કુલપતિની સત્તા અને ફરજો.

(૨) કુલપતિ યુનિવર્સિટીના કામકાજ પર સામાન્ય દેખરેખ નિયંત્રણ રાખશે અને યુનિવર્સિટીમાં શિસ્તની જાળવણી માટે જવાબદાર રહેશે.

(૩) કુલપતિને બોર્ડ અને એકેડેમિક કાઉન્સિલની બેઠકો બોલાવવાની સત્તા રહેશે.

(૪) કુલપતિ, આ અધિનિયમ, અને સ્ટેચ્યુટ અને વિનિયમોની જોગવાઇઓનું યથાર્થ પાલન થાય તેવું સુનિશ્ચિત કરશે અને આ હેતુ માટે જરૂરી હોય તેવી તમામ સત્તા તેમને રહેશે.

(૫) કુલપતિ, યુનિવર્સિટીના વાર્ષિક નાણાકીય અંદાજો અને વાર્ષિક હિસાબો તેમજ સરવૈયું બોર્ડ સમક્ષ રજૂ કરવા માટે જવાબદાર રહેશે.

(૬) (ક) તાકીદના કોઇ પ્રસંગે, કુલપતિનો એવો અભિપ્રાય હોય કે તાત્કાલિક પગલું લેવું જરૂરી છે, તો તે, પોતાને જરૂરી લાગે તેવું પગલું લેશે અને ત્યારપછી, પોતાના પગલાં વિષે જે અધિકારી, અધિકારીમંડળ અથવા મંડળે સામાન્ય ક્રમમાં તે બાબતની તજવીજ કરી હોત તેને પોતાના પગલાં વિશે વહેલાંમાં વહેલી તકે, જાણ કરશે. અધિકારીઓ, અધિકારીમંડળ અથવા યથાપ્રસંગ, મંડળ, કુલપતિના પગલાં સાથે અસંમત હોય તો, તે બાબત કુલાધિપતિને લખી મોકલવી જોઇશે, જેનો તે અંગેનો નિર્ણય આખરી ગણાશે.

(ખ) કુલપતિએ આ પેટા-કલમ હેઠળ લીધેલા પગલાંથી યુનિવર્સિટીની સેવામાં હોય તેવી કોઇ વ્યક્તિને અસર થાય તેમ હોય, ત્યારે એવી વ્યક્તિને એવા પગલાં વિષે જાણ કરવામાં આવે તે તારીખથી એક મહિનાની અંદર બોર્ડને અપીલ કરવાનો હક રહેશે.

(ગ) કુલપતિને ખાતરી થાય કે બોર્ડનો નિર્ણય યુનિવર્સિટીના સર્વોત્તમ હિતમાં નથી, તો તેણે કુલાધિપતિને તે બાબત લખી મોકલવી જોઇશે, જેનો તે અંગેનો નિર્ણય આખરી રહેશે.

(૭) કુલપતિ યુનિવર્સિટીના અધિકારીઓ, અધ્યાપકો અને અન્ય કર્મચારીઓની નિમણૂક, બરતરફી, ફરજ-મોકૂફી અને શિક્ષા સંબંધી બોર્ડના નિર્ણયો અથવા આદેશોનો અમલ કરશે.

(૮) (ક) પેટા-કલમ (૬)માં સમાવિષ્ટ જોગવાઇને અધીન રહીને, અને પેટા-કલમ (૭)માં ગમે તે મજકૂર હોય તે છતાં, કુલપતિ, પોતે યોગ્ય ગણે તેવી તપાસ કર્યા પછી, તેમનો એવો અભિપ્રાય હોય કે કલમ ૨૦ હેઠળ નિર્દિષ્ટ કરેલા અથવા જાહેર કરેલા અધિકારીમંડળના કોઇપણ હુકમ અથવા ઠરાવની અમલબજવણી અથવા લેવાનું શરૂ કરેલ અથવા લેવા વિચારેલ કોઇ પગલું જે યુનિવર્સિટી દ્વારા અથવા તેના વતી કરવાનું હોય અથવા કરવામાં આવી રહ્યું હોય તેવું કોઇ કાર્ય કરવાનું -

(૧) આ અધિનિયમ અથવા કોઇપણ સ્ટેચ્યુટ, અથવા વિનિયમોની જોગવાઇઓ સાથે અસંગત છે, અથવા

(૨) યુનિવર્સિટીના હિતમાં નથી, અથવા

(૩) તેનાથી શાંતિનો ભંગ થવાનો સંભવ છે,

તો, તે, જે અધિકારીમંડળે હુકમ કર્યા હોય અથવા ઠરાવ પસાર કર્યો હોય અથવા જે અધિકારીમંડળે, તે કાર્ય કરવાની દરખાસ્ત કરી હોય તે અધિકારીમંડળને, સદરહુ હુકમ અથવા ઠરાવ, તેણે જણાવેલી રીતે રદ કરી શકાશે નહિ અથવા સુધારી શકાશે નહિ અથવા તેમાં ફેરફાર કરી શકાશે નહિ અથવા કાર્ય કરવાનું અટકાવી શકાય તેમ છે કે કેમ તે સંબંધમાં હુકમ અથવા યથાપ્રસંગ, ઠરાવની નકલ ફેરવિચારણા માટે મોકલી શકશે અથવા કારણોના નિવેદન સહિત તે કાર્ય કરવા માટે લખી મોકલી શકશે.

(ખ) અધિકારી મંડળ, પુર્નવિચારણા પછી, કુલપતિએ જણાવેલી રીતે હુકમ અથવા ઠરાવ સુધારે અથવા તેમાં ફેરફાર કરે ત્યારે, ખંડ (ચ)માં ગમે તે મજકૂર હોય તે છતાં, આવી રીતે સુધારેલો અથવા ફેરફાર કરેલો હુકમ અથવા ઠરાવ, એવી રીતે સુધાર્યાની અથવા ફેરફાર કર્યાની તારીખથી ફરી અમલમાં આવશે.

(ગ) કુલપતિએ જણાવેલી રીત સાથે અસંગત હોય તેવી રીતે અધિકારી મંડળ હુકમ અથવા ઠરાવ સુધારે અથવા તેમાં ફેરફાર કરે, ત્યારે કુલપતિ તે બાબત કુલાધિપતિને તેના નિર્ણય માટે લખી જણાવશે.

(ઘ) કુલાધિપતિ, આવું લખાણ કરવામાં આવ્યે, હુકમ અથવા ઠરાવ સુધારી શકશે અથવા તેમાં ફેરફાર કરી શકશે અથવા આદેશ કરી શકશે કે તે હુકમ અથવા ઠરાવ, ફેરફાર સાથે અથવા ફેરફાર વિના, કાયમ માટે અથવા પોતે નિર્દિષ્ટ કરે તેટલી મુદત સુધી અમલમાં રહેશે.

પરંતુ તેણે કરવા ધારેલા હુકમ સામે સંબંધિત અધિકારી મંડળને કારણ દર્શાવવાની વાજબી તક આપ્યા સિવાય, કુલાધિપતિ કોઈ હુકમ અથવા ઠરાવ સુધારી શકશે નહિ અથવા તેમાં કોઈ ફેરફાર કરી શકશે નહિ અથવા તે ચાલુ રાખી શકશે નહિઃ

(ચ) હુકમ, ઠરાવ અથવા યથાપ્રસંગ, કાર્ય કરવાનું અથવા શરૂ કરેલ કે વિચારણા હેઠળનું પગલું, કુલપતિએ ખંડ (ક) હેઠળ હુકમ અથવા ઠરાવની નકલ મોકલ્યાના અથવા સંદર્ભ કર્યા અંગેના પગલાંની તારીખથી ખંડ (ઘ) હેઠળ કુલાધિપતિના હુકમની તારીખ સુધી સ્થગિત રહેશે.

(૯) કુલપતિ, યુનિવર્સિટીના કામકાજના યોગ્ય વહીવટ માટે અને અધ્યાપન, સંશોધન અને વિસ્તરણ શિક્ષણના સઘન સંકલન અને સમન્વય માટે જવાબદાર રહેશે.

(૧૦) કુલપતિ, આ અધિનિયમ અને સ્ટેચ્યુટના હેતુઓ અને જોગવાઈઓનો અમલ કરવા માટે ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા વાપરશે અને એવી બીજી ફરજો બજાવશે.

૧૪. (૧) રજિસ્ટ્રાર, યુનિવર્સિટીના પૂર્ણકાલિન પગારદાર અધિકારી રહેશે અને કુલપતિ બોર્ડની પૂર્વ મંજૂરીથી તેમની નિમણૂક કરશે અને તેમની લાયકાતો, મળતરો અને સેવાની બોલીઓ અને શરતો ઠરાવવામાં આવે તેવી રહેશે. તેઓ પશુચિકિત્સા અથવા સંલગ્ન વિજ્ઞાનના ક્ષેત્રમાં શિક્ષણવિદ્ હોવા જોઈશે. રજિસ્ટ્રાર.

(૨) રજિસ્ટ્રાર, હોદ્દાની રૂએ બોર્ડના અને એકેડેમિક કાઉન્સિલના સચિવ રહેશે.

૧૫. (૧) રજિસ્ટ્રારની સત્તાઓ, કાર્યો અને ફરજો નીચે મુજબ રહેશેઃ- રજિસ્ટ્રારની સત્તા અને કાર્યો.

(ક) નાણા સમિતિ અને બોર્ડના નિર્ણય અનુસાર, ટ્રસ્ટ અને દેણગીની મિલકત સહિત, યુનિવર્સિટીની મિલકત અને રોકાણોનો વહીવટ કરવો;

(ખ) યુનિવર્સિટીના રેકર્ડ, સામાન્ય સીલ અને બોર્ડ તેના હવાલે સોંપે તેવી યુનિવર્સિટીની મિલકતોના મુખ્ય કસ્ટોડીયન (કબજેદાર) તરીકે કાર્ય કરવું;

(ગ) યુનિવર્સિટીની મહેકમની બાબતો અને સામાન્ય વહીવટની તજવીજ કરવી;

(ઘ) યુનિવર્સિટીમાં પ્રવેશ માટેની અરજીઓ મંગાવવી અને વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો;

(ચ) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ લીધેલા અભ્યાસક્રમ, મેળવેલા ગ્રેડ, એનાયત કરવામાં આવતી પદવી, ડિપ્લોમા, પારિતોષિકો, અથવા અન્ય વિશિષ્ટમાન સહિત, યુનિવર્સિટીના તમામ અભ્યાસક્રમો, પાઠયક્રમો તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક કામગીરીના રેકર્ડ તેમજ શિસ્તવિષયક તેમજ અન્ય જરૂરી માહિતી બાબતોનું કાયમી રેકર્ડ જાળવવું;

(છ) પરીક્ષકોની નિમણૂક સહિત પરીક્ષાઓ યોજવા માટે અને તેની સાથે સંકળાયેલી તમામ પ્રક્રિયાઓની યોગ્ય અમલ બજવણી માટેની ગોઠવણી કરવી;

(જ) રાજય સરકાર, કેન્દ્ર સરકાર, ભારતીય પશુચિકિત્સા પરિષદ, ભારતીય કૃષિ સંશોધન પરિષદ, અન્ય યુનિવર્સિટીઓ અને અન્ય મંડળો સાથે યુનિવર્સિટીના મુખ્ય સંપર્ક અધિકારી તરીકે કાર્ય કરવું;

(ઝ) યુનિવર્સિટી દ્વારા અથવા તેની વિરુદ્ધ કરવામાં આવેલા તમામ દાવાઓ અને અન્ય કાનૂની કાર્યવાહીઓમાં, રજિસ્ટ્રાર દાવાની ચકાસણી કરીને તેની ઉપર સહી કરશે અને આવા દાવાઓની તમામ પ્રક્રિયા અને કાર્યવાહી રજિસ્ટ્રારને નામે કાઢવામાં આવશે અને તેની ઉપર બજાવવામાં આવશે; અને

(ટ) રજિસ્ટ્રાર, બોર્ડ અને કુલપતિ દ્વારા ઠરાવવામાં આવે તેવી અથવા તેમને સોંપવામાં આવે તેવી સત્તા વાપરશે, કાર્ય કરશે અને એવી બીજી ફરજો બજાવશે.

(૨) રજિસ્ટ્રારનો હોદ્દો ખાલી પડે ત્યારે અથવા રજિસ્ટ્રાર માંદગી, ગેરહાજરી અથવા અન્ય કારણસર પોતાના હોદ્દાની સત્તા વાપરવા, કાર્ય કરવા અને ફરજો બજાવવા માટે અસમર્થ હોય ત્યારે રજિસ્ટ્રારના હોદ્દાની સત્તા વાપરવા, કાર્ય કરવા અને ફરજો બજાવવા માટે કુલપતિ નીમે તેવી વ્યકિત તેવી સત્તા વાપરશે, કાર્ય કરશે અને ફરજો બજાવશે.

નાણાં અને હિસાબી અધિકારી.

૧૬. (૧) નાણાં અને હિસાબી અધિકારી, યુનિવર્સિટીના પૂર્ણકાલિક પગારદાર અધિકારી રહેશે અને રાજ્ય સરકારે ભલામણ કરેલા ત્રણ નામોની પેનલમાંથી બોર્ડ દ્વારા તેમની નિમણૂક કરવામાં આવશે.

(૨) નાણાં અને હિસાબી અધિકારી, બોર્ડ નક્કી કરે તેવી બોલીઓ અને શરતોને અધીન રહીને, પાંચ વર્ષની મુદત સુધી અથવા તે રાજ્ય સરકારના કર્મચારીઓ માટે નિયત કરેલ વયનિવૃત્તિની વય પૂર્ણ કરે, તે બન્નેમાંથી, જે વહેલી હોય તેટલી મુદત સુધી હોદ્દો ધરાવશે.

(૩) નાણાં અને હિસાબી અધિકારીના મળતરો અને તેની સેવાની અન્ય બોલીઓ અને શરતો ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૪) નાણા અને હિસાબી અધિકારી હોદ્દાની રૂએ, નાણા સમિતિના સચિવ રહેશે.

નાણા અને હિસાબી અધિકારીની સત્તા અને કાર્યો.

૧૭. (૧) નાણા અને હિસાબી અધિકારી-

(ક) યુનિવર્સિટીના ફંડ અને રોકાણ ઉપર સામાન્ય દેખરેખ નિયંત્રણ અને સંચાલન રાખશે અને તેની નાણાકીય નીતિના સંબંધમાં યુનિવર્સિટીને સલાહ આપશે;

(ખ) બોર્ડ પોતાને સોંપે તેવી અથવા ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા વાપરશે અને તેવા બીજા નાણાકીય કાર્યો કરશેઃ

પરંતુ, નાણા અને હિસાબી અધિકારી, બોર્ડની પૂર્વમંજૂરી સિવાય, ઠરાવવામાં આવે તેનાથી વધુ રકમ ખર્ચી શકશે નહિ અથવા તેનાથી વધુ કોઇ રકમનું રોકાણ કરી શકશે નહિ.

(૨) બોર્ડના નિયંત્રણને અધીન રહીને, નાણા અને હિસાબી અધિકારીએ -

(ક) કોઇ વર્ષ માટે અંદાજપત્રમાં જોગવાઇ કર્યા પ્રમાણેનું અથવા બોર્ડે નક્કી કરેલી મર્યાદા પ્રમાણેનું આવર્તક અને અનાવર્તક ખર્ચ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે અને જે હેતુ માટે ખર્ચની રકમ આપવામાં આવી હોય અથવા ફાળવેલી હોય તે હેતુ માટે જ તે વાપરવામાં આવે તે સુનિશ્ચિત કરવાનું રહેશે;

(ખ) યુનિવર્સિટીના વાર્ષિક હિસાબો, નાણાકીય અંદાજો અને અંદાજપત્ર તૈયાર કરવા જોઇશે અને તેમને નાણા સમિતિ અને બોર્ડ સમક્ષ રજૂ કરવા જોઇશે;

(ગ) રોકડ અને બેંકની સિલક અને રોકાણની સ્થિતિ ઉપર સતત નજર રાખવી જોઇશે;

(ઘ) મહેસૂલ વસૂલાતની પ્રગતિ ઉપર નજર રાખવી જોઇશે અને મહેસૂલ વસૂલાત માટે અખત્યાર કરેલી પધ્ધતિઓ અંગે સલાહ આપવી જોઇશે;

(ચ) મકાનો, જમીન, રાચરચીલું અને સાધનસામગ્રીના રજિસ્ટર અદ્યાવત રીતે જાળવવામાં આવે છે અને યુનિવર્સિટી દ્વારા નિભાવાતી તમામ કચેરીઓ, પ્રયોગશાળાઓ, કોલેજો અને સંસ્થાઓમાંના સાધન અને અન્ય વપરાશી માલસામગ્રીના સંબંધમાં જથ્થાની તપાસણી કરવામાં આવે છે તે સુનિશ્ચિત કરવું જોઇશે.

(છ) કોઇ અનધિકૃત ખર્ચ અથવા બીજી નાણાકીય અનિયમિતતા કુલપતિને ધ્યાને લાવવી જોઈશે અને કસૂરવાર વ્યકિતઓ સામે યોગ્ય પગલાં લેવાનું સૂચવવું જોઇશે;અને

(જ) પોતાની સત્તા વાપરવા, પોતાના કાર્યો કરવા અથવા પોતાની ફરજો યોગ્ય રીતે અદા કરવા માટે પોતે જરુરી ગણે તેવી કોઇ માહિતી અથવા પત્રકો યુનિવર્સિટી દ્વારા નિભાવાતી કોઇ કચેરી, પ્રયોગશાળા, કોલેજ અથવા સંસ્થા પાસેથી માંગવા જોઇશે.

(૩) નાણા અને હિસાબી અધિકારીનો હોદ્દો ખાલી હોય ત્યારે અથવા નાણા અને હિસાબી અધિકારી માંદગી અથવા ગેરહાજરીના કારણસર અથવા અન્ય કારણસર પોતાની સત્તા વાપરવા, કાર્ય કરવા અને પોતાના હોદ્દાની ફરજો બજાવવા અસમર્થ હોય ત્યારે, નાણા અને હિસાબી અધિકારીની સત્તા વાપરવા, કાર્ય કરવા અને હોદ્દાની ફરજો બજાવવા માટે કુલપતિ, નીમે તેવી વ્યક્તિ તેવી સત્તા વાપરશે, કાર્ય કરશે અને ફરજો બજાવશે.

૧૮. (૧) યુનિવર્સિટીની દરેક વિદ્યાશાખા માટે એક ડીન રહેશે અને ઠરાવવામાં આવે તેવી રીતે તેની નિમણૂક કરવામાં આવશે. વિદ્યાશાખાઓના ડીન.

(૨) (ક) ડીન વિદ્યાશાખાને લગતા સ્ટેચ્યુટ અને વિનિયમોના યોગ્ય પાલન માટે કુલપતિને જવાબદાર રહેશે.

(ખ) તે અધ્યાપનની વ્યવસ્થા અને સંચાલન અને આ કાર્યોની વ્યવસ્થા અને સંચાલન માટેની પોતાની જવાબદારીઓ પાર પાડવા અન્ય અધિકારીઓ સાથે ઘનિષ્ઠ સંપર્કમાં રહીને કામ કરશે અને સામાન્ય રીતે વિદ્યાશાખાના વિભાગોના વડા દ્વારા કામ કરશે.

(૩) ડીન કુલપતિ દ્વારા સોંપવામાં આવેલ સંબંધિત વિદ્યાશાખાના કામને યોગ્ય રીતે કરવા માટે ઠરાવવામાં આવેલ અને જરૂરી એવી સત્તાઓ વાપરશે અને એવી ફરજો બજાવશે.

૧૯. (૧) સંશોધન નિયામક, વિસ્તરણ શિક્ષણ નિયામક, ઇન્ફર્મેશન ટેકનોલોજી નિયામક અને વિદ્યાર્થી કલ્યાણ નિયામક, આ અર્થે કરેલા સ્ટેચ્યુટ અનુસાર બોર્ડની મંજૂરીથી કુલપતિએ નિમણૂક કરેલા યુનિવર્સિટીના પૂર્ણકાલિન પગારદાર અધિકારીઓ ગણાશે. નિયામકો.

(૨) નિયામકની લાયકાત, મળતર અને સેવાની બોલી અને શરતો ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૩) સંશોધન નિયામક, વિસ્તરણ શિક્ષણ નિયામક, ઇન્ફર્મેશન ટેકનોલોજી નિયામક અને વિદ્યાર્થી કલ્યાણ નિયામક ઠરાવવામાં આવે તેવી સત્તા વાપરશે અને તેવી ફરજો બજાવશે.

## પ્રકરણ ૪
## યુનિવર્સિટીના અધિકારીમંડળો

૨૦. યુનિવર્સિટીના અધિકારીમંડળો નીચે મુજબના રહેશેઃ- યુનિવર્સિટીના અધિકારીમંડળો.

(૧) બોર્ડ ઓફ મેનેજમેન્ટ;

(૨) એકેડેમિક કાઉન્સિલ;

(૩) પશુચિકિત્સા અને પશુવિજ્ઞાન સંશોધન પરિષદ;

(૪) પશુચિકિત્સા અને પશુવિજ્ઞાન વિસ્તરણ શિક્ષણ પરિષદ;

(૫) વિદ્યાશાખા;

(૬) અભ્યાસ મંડળ;

(૭) આયોજન મંડળ; અને

(૮) નાણા સમિતિ.

૨૧. (૧) કુલાધિપતિ, પ્રથમ કુલપતિની નિમણૂક કર્યા પછી તરત જ બોર્ડ ઓફ મેનેજમેન્ટની રચના કરવાના પગલાં લેશે. બોર્ડ ઓફ મેનેજમેન્ટ.

(૨) બોર્ડ ઓફ મેનેજમેન્ટ નીચેનાનું બનશેઃ-

વર્ગ-૧ હોદ્દાની રુએ સભ્યો

(૧) કુલપતિ, અધ્યક્ષ;

(૨) પશુપાલનનો હવાલો ધરાવતાં સરકારના સચિવ અથવા સરકારના નાયબ સચિવથી ઉતરતા દરજ્જાનાં ન હોય તેવા તેના પ્રતિનિધિ;

(૩) સરકારના સચિવ, નાણા વિભાગ અથવા સરકારના નાયબ સચિવથી ઉતરતા દરજ્જાનાં ન હોય તેવા તેના પ્રતિનિધિ;

(૪) સરકારના સચિવ, શિક્ષણ વિભાગ (ટેકનિકલ) અથવા સરકારના નાયબ સચિવથી ઉતરતા દરજ્જાનાં ન હોય તેવા તેના પ્રતિનિધિ;

(૫) પશુપાલન નિયામક, ગુજરાત રાજ્ય;

(૬) મત્સ્યોદ્યોગ કમિશનર, ગુજરાત રાજ્ય;

(૭) ભારતીય પશુચિકિત્સા પરિષદ, નવી દિલ્હીના એક પ્રતિનિધિ;

(૮) પ્રમુખ, ગુજરાત પશુચિકિત્સા પરિષદ; અને

(૯) રજિસ્ટ્રાર; હોદ્દાની રુએ સચિવ.

વર્ગ ૨ - અન્ય સભ્યો

(૧૦) એક પ્રગતિશીલ પશુધન માલિક;

(૧૧) એક મરઘાંબતકાં ઉછેર ઉદ્યોગસાહસિક;

(૧૨) ડેરી ઉદ્યોગનાં એક પ્રતિનિધિ;

(૧૩) ઔષધ નિર્માણ અથવા રસીકરણ સંસ્થાનાં એક પ્રતિનિધિ;

(૧૪) એક નામાંકિત શિક્ષણશાસ્ત્રી; અને

(૧૫) પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાનના ક્ષેત્રના બે નામાંકિત વિજ્ઞાનીઓ.

(૩) ખંડો (૧૦) થી (૧૫) હેઠળના સભ્યોના હોદ્દાની મુદત ત્રણ વર્ષની રહેશે અને તેમને રાજ્ય સરકાર દ્વારા નામનિયુકત કરવામાં આવશે.

(૪) બોર્ડના નામનિયુક્ત સભ્યો, યુનિવર્સિટી પાસેથી, ઠરાવવામાં આવે તેવા દૈનિક અને મુસાફરી ભથ્થાં સિવાયના, કોઈપણ મહેનતાણા મેળવવાને હકદાર રહેશે નહિ.

(૫) બોર્ડ, વિચારવિનિમય કરવાના હેતુ માટે પોતાની બેઠકમાં હાજર રહી વિચારણા હેઠળના કોઈ વિષયનો અનુભવ અથવા ખાસ જ્ઞાન ધરાવતી કોઈપણ વ્યકિતને આમંત્રણ આપી શકશે. આવી વ્યકિત બેઠકમાં બોલી શકશે અથવા બેઠકની કાર્યવાહીમાં ભાગ લઈ શકશે, પરંતુ આવી બેઠકમાં મતદાન કરવાને હકદાર રહેશે નહિ. આમંત્રિત કરેલ કોઈપણ વ્યકિત તેવી બેઠકમાં હાજર રહેવા માટેના ઠરાવવામાં આવે તેવા ભથ્થાં મેળવવાને હકદાર રહેશે.

(૬) બોર્ડ, કુલપતિએ નકકી કરેલા સમયે અને સ્થળોએ મળશે અને નિયમિત રીતે દર ત્રણ માસમાં શકય હોય તેટલે સુધી ઓછામાં ઓછી એકવાર બેઠક યોજશેઃ

પરંતુ કુલપતિ, પોતાની વિવેકબુધ્ધિ અનુસાર બોર્ડની ખાસ બેઠક બોલાવી શકશે.

(૭) બોર્ડના સભ્યોની કુલ સંખ્યાના એક તૃતીયાંશ સભ્યોથી બેઠકમાં તેનું કામકાજ ચલાવવા માટે કોરમ રચાશે.

(૮) બોર્ડ ઠરાવવામાં આવે તેવી રીતે પોતાની બેઠકો યોજી શકશે અને તેનું કામકાજ કરી શકશે.

૨૨. (૧) આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, બોર્ડ, યુનિવર્સિટીનું મુખ્ય કારોબારી મંડળ રહેશે અને યુનિવર્સિટીની મિલકતો અને પ્રવૃત્તિઓનું સંચાલન કરશે, દેખરેખ રાખશે અને આ અધિનિયમમાં અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાય યુનિવર્સિટીની તમામ વહીવટી બાબતોના સંચાલન માટે જવાબદાર રહેશે. બોર્ડની સત્તા અને કાર્યો.

(૨) પૂર્વવર્તી સત્તાની જોગવાઈઓની વ્યાપકતાને બાધ આવ્યા વિના, બોર્ડ નીચેની સત્તા વાપરશે અને નીચેના કાર્યો બજાવશેઃ-

(૧) યુનિવર્સિટી વતી મિલકત સ્વીકારવી, સંપાદિત કરવી, ધરાવવી, તેનું નિયંત્રણ કરવું અને તેનો વહીવટ કરવો અને નિકાલ કરવો;

(૨) યુનિવર્સિટીના કાર્ય કરવા માટે જરુરી મકાનો, જગા, ફર્નિચર, સામગ્રી અને બીજા સાધનો માટે જોગવાઈ કરવી;

(૩) યુનિવર્સિટી માટેની નાણાકીય જરુરિયાતો અને અંદાજોની વિચારણા કરવી અને પુનર્વિલોકન કરવું અને તેનું અંદાજપત્ર મંજૂર કરવું;

(૪) ધારેલા હેતુઓ માટે યુનિવર્સિટીને હસ્તક સોંપેલા કોઈપણ ફંડના વહીવટની જોગવાઈ કરવી અને તેનો નિકાલ કરવો;

(૫) યુનિવર્સિટીના ફંડના રોકાણ અને ઉપાડ માટે વ્યવસ્થા કરવી;

(૬) યુનિવર્સિટીના નાણાં, હિસાબો અને રોકાણોની વ્યવસ્થા કરવી તથા તેમનું નિયમન કરવું;

(૭) રાજ્ય સરકારની પૂર્વમંજૂરીને અધીન રહીને નાણા ઉછીના લેવા અને તેને ભરપાઈ કરવા માટે યોગ્ય ગોઠવણ કરવી;

(૮) યુનિવર્સિટીના વાર્ષિક હિસાબો અને વાર્ષિક નાણાકીય અંદાજો મંજૂર કરવા;

(૯) યુનિવર્સિટીના સામાન્ય સીલનો નમૂનો નક્કી કરવો અને તેની કસ્ટડી માટે જોગવાઈ કરવી અને તેના ઉપયોગનું નિયમન કરવું;

(૧૦) અધિનિયમ અને સ્ટેચ્યુટની જોગવાઈઓને અધીન રહીને, બોર્ડ જરુરી ગણે તેવી અને જેના વિચારાર્થ મુદ્દા નિર્દિષ્ટ કરે તેવી સ્થાયી અથવા કામચલાઉ સમિતિ નીમવી;

(૧૧) આ અધિનિયમ અને સ્ટેચ્યુટ અનુસાર યુનિવર્સિટીને સંબંધિત તમામ નીતિઓ નક્કી કરવી અને તેનું નિયમન કરવું;

(૧૨) યુનિવર્સિટીના અધિકારીઓ, અધ્યાપકો અને બીજા કર્મચારીઓ નીમવા માટેની ભલામણો મંજૂર કરવી;

(૧૩) પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાનમાં એકેડેમિક કાઉન્સિલ નક્કી કરે તેવી વિદ્યાશાખાઓમાં અને તેવા અભ્યાસક્રમોમાં પ્રશિક્ષણ, અધ્યાપન અને તાલીમ માટે અને સંશોધન માટે અને જ્ઞાનની વૃધ્ધિ તથા પ્રસાર માટે જોગવાઈ કરવી;

(૧૪) અનુસ્નાતક અધ્યાપન, સંશોધન અને વિસ્તરણ શિક્ષણને ઉત્તેજન આપવું;

(૧૫) આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે જરુરી હોય તેવી કોલેજો, વિભાગો, સંશોધન સંસ્થાઓ, છાત્રાલયો, ગ્રંથાલયો, પ્રયોગશાળાઓ, પ્રાયોગિક ફાર્મ અને તેવી બીજી સુવિધાઓ સ્થાપવી, ચલાવવી અને નિભાવવી;

(૧૬) કોલેજો સાથે જોડાણ કરવું અથવા સ્ટેચ્યુટથી જોગવાઈ કર્યા પ્રમાણે પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાન અથવા વિસ્તરણ શિક્ષણમાં સંશોધનની સંસ્થાઓને માન્યતા આપવી;

(૧૭) સંલગ્ન કોલેજો, માન્ય સંસ્થાઓ અને છાત્રાલયોનું નિરીક્ષણ કરવા માટે વ્યવસ્થા કરવી તથા તેમનું નિરીક્ષણ કરવા આદેશ કરવો, તેમની કાર્યક્ષમતા જાળવવા માટે અને નોકરીની યોગ્ય શરતો સુનિશ્ચિત કરવા માટે સૂચના આપવી;

(૧૮) (ક) જોડાણથી કોલેજને અથવા માન્યતાથી સંસ્થાને મળેલા હકો સમગ્રતઃ અથવા અંશતઃ પાછા ખેંચી લેવા અથવા તેમાં ફેરફાર કરવો; અને

(ખ) જોડાણની શરતો પાળવામાં કસૂર કરનાર કોલેજને આપેલી ગ્રાન્ટ પાછી ખેંચી લેવા અથવા તેમાં ઘટાડો કરવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી;

(૧૯) (ક) સંલગ્ન કોલેજો અને માન્ય સંસ્થાઓની પ્રવૃત્તિઓનું નિયંત્રણ કરવું અને સંકલન કરવું; અને

(ખ) સંલગ્ન કોલેજોમાં અને માન્ય સંસ્થાઓમાં વિદ્યાર્થીઓએ ભરવાની ફીનું નિયમન કરવું;

(૨૦) કોલેજો, માન્ય સંસ્થાઓ, અથવા છાત્રાલયો પાસેથી રિપોર્ટો, પત્રકો તથા અન્ય માહિતી મંગાવવી;

(૨૧) સંલગ્ન કોલેજ અથવા માન્ય સંસ્થાના સ્ટાફના કોઇ સભ્યને, યુનિવર્સિટીના પ્રાધ્યાપક, સહપ્રાધ્યાપક, મદદનીશ પ્રાધ્યાપક અથવા અધ્યાપક તરીકે માન્યતા આપવી અને તેવી માન્યતા પાછી ખેંચી લેવી;

(૨૨) યુનિવર્સિટીના અધિકારીઓ, અધ્યાપકીય, બીજા એકેડેમિક અને બિન-અધ્યાપકીય સ્ટાફના સભ્યોના પગાર-ધોરણો, ભથ્થાં અને નોકરીની શરતો ઠરાવવી અને તેનું નિયમન કરવું;

(૨૩) સંલગ્ન કોલેજો, ઘટક કોલેજો અને માન્ય સંસ્થાઓના અધ્યાપકીય, બીજા એકેડેમિક અને બિન-અધ્યાપકીય સ્ટાફના સભ્યોના પગાર-ધોરણો, ભથ્થાં અને નોકરીની શરતો ઠરાવવી અને તેનું નિયમન કરવું;

(૨૪) સંલગ્ન કોલેજો, ઘટક કોલેજો, અને માન્ય સંસ્થાઓના વિદ્યાર્થીઓના નિવાસ, વર્તણૂક અને શિસ્તની દેખરેખ રાખવી અને તેનું નિયંત્રણ કરવું અને તેમનું આરોગ્ય અને સામાન્ય સુખાકારીને ઉત્તેજન આપવા માટે ગોઠવણ કરવી અને વિદ્યાર્થીઓ સામે શિસ્તભંગનાં પગલાં લેવા;

(૨૫) પદવીઓ, ડિપ્લોમા અને અન્ય શૈક્ષણિક વિશિષ્ટમાન શરૂ કરવાં અને એનાયત કરવાં માટે જોગવાઇ કરવી;

(૨૬) અધ્યેતાવૃત્તિ (ફેલોશીપ) અને શિષ્યવૃત્તિઓ, છાત્રવૃત્તિઓ, ચંદ્રકો, પુરસ્કારો અને બીજા પારિતોષિકો શરુ કરવા, નિભાવવા અને આપવા માટેની જોગવાઇ કરવી;

(૨૭) યુનિવર્સિટીને કરેલ વસિયતી દાન, દાન અને કોઇ જંગમ અથવા સ્થાવર મિલકતની તબદીલી યુનિવર્સિટી વતી સ્વીકારવી;

(૨૮) આ અધિનિયમથી અથવા સ્ટેચ્યુટથી અથવા તેની હેઠળ યુનિવર્સિટીને સોંપેલી સત્તા વાપરીને અને ફરજો બજાવીને યુનિવર્સિટી વતી કરારો કરવા, તેમાં ફેરફાર કરવા, તેનો અમલ કરવો અને તે રદ કરવા;

(૨૯) પ્રશિક્ષણ અને પરીક્ષાના માધ્યમ તરીકે ગુજરાતી, હિન્દી, અંગ્રેજીના ઉપયોગને લગતી જોગવાઇ કરવી;

(૩૦) એકેડેમિક કાઉન્સિલ, સશોધન પરિષદ અને વિસ્તરણ શિક્ષણ પરિષદની ભલામણો વિચારવી અને મંજૂર કરવી;

(૩૧) સ્ટેચ્યુટો કરવા, સુધારવા અથવા તે રદ કરવા; અને

(૩૨) આ અધિનિયમથી અથવા તેની હેઠળ તેને આપવામાં આવે તેવી બીજી સત્તા વાપરવી અથવા તેને સોંપવામાં આવે તેવા બીજા કાર્યો કરવા;

(૩) એકેડેમિક કાઉન્સિલ ભલામણ કરે તે સિવાય, બોર્ડ, પેટા-કલમ (૨)ના ખંડો (૧૩), (૧૬), (૧૭), (૧૮), (૨૧), (૨૫) અને (૨૬) હેઠળની સત્તા વાપરી શકશે નહિ અથવા કાર્યો કરી શકશે નહિ.

(૪) પેટા-કલમ (૨)ના ખંડ (૨૨) અને (૨૩) હેઠળ બોર્ડ જે સત્તા વાપરે તે સત્તા, યુનિવર્સિટીના ઘટક કોલેજના, સંલગ્ન કોલેજોના અને માન્ય સંસ્થાઓના અધિકારીઓના અને અધ્યાપકીય, બીજા

એકેડેમિક અને બિન-અધ્યાપકીય સ્ટાફના સભ્યોનાં પગાર-ધોરણો અને ભથ્થાં ઠરાવવાને અને તેનું નિયમન કરવાને લગતી હોય તેટલે સુધી, તે સત્તા વાપરવાનું રાજ્ય સરકારની મંજૂરીને અધીન રહેશે.

૨૩. (૧) એકેડેમિક કાઉન્સિલ નીચેના સભ્યોની બનશે :- એકેડેમિક કાઉન્સિલ.

(૧) કુલપતિ, હોદ્દાની રૂએ, અધ્યક્ષ;

(૨) પશુપાલન નિયામક, ગુજરાત રાજ્ય અથવા સંયુકત નિયામકથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા તેમના પ્રતિનિધિ;

(૩) પ્રમુખ, ગુજરાત પશુચિકિત્સા પરિષદ અથવા પરિષદની શૈક્ષણિક સમિતિના તેમના પ્રતિનિધિ;

(૪) વિદ્યાશાખાઓનાં ડીન;

(૫) કોલેજોના ડીન;

(૬) નિયામકો;

(૭) ગ્રંથપાલ;

(૮) સભ્ય સચિવ તરીકે રજિસ્ટ્રાર ; અને

(૯) વિભાગોના વડામાંથી ચાર સભ્યો-જેમાંના, પશુચિકિત્સા વિજ્ઞાન વિદ્યાશાખામાંથી બે સભ્યો અને ડેરી અને મત્સ્યોદ્યોગ વિદ્યાશાખામાંથી ઠરાવવામાં આવે તેવી રીતે કુલપતિએ વારાફરતી નામનિયુકત કરવાના એક એક સભ્ય

(૨) પેટા-કલમ (૧) હેઠળ એકેડેમિક કાઉન્સિલ રચવામાં આવે કે તરત જ , ઠરાવવામાં આવે તેટલી મુદત માટે અને તેવી રીતે, પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાનના વિવિધ ક્ષેત્રોનું પૂરતું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરી શકાય તે માટે એકેડેમિક કાઉન્સિલ, ત્રણથી વધુ ન હોય એટલા સભ્યો કો-ઓપ્ટ કરી શકશે.

(૩) એકેડેમિક કાઉન્સિલના હોદ્દાની રૂએ હોય તે સિવાયના સભ્યો અને પેટા-કલમ (૨)માં ઉલ્લેખેલા સભ્યોની હોદ્દાની મુદત બે વર્ષની રહેશે.

(૪) એકેડેમિક કાઉન્સિલ ઠરાવવામાં આવે તેવી રીતે પોતાની બેઠક બોલાવશે અને તેનું કામકાજ ચલાવશે.

૨૪. (૧) એકેડેમિક કાઉન્સિલ, યુનિવર્સિટીના અધ્યાપન, પરીક્ષા અને તેમાંના અન્ય શૈક્ષણિક કાર્યક્રમો અંગે સામાન્ય નિયંત્રણ ધરાવશે અને તે તેના ધોરણો જાળવવા માટે જવાબદાર રહેશે; એકેડેમિક કાઉન્સિલની સત્તા અને કાર્યો.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની જોગવાઈઓની વ્યાપકતાને બાધ આવ્યા વિના, એકેડેમિક કાઉન્સિલ નીચેની સત્તા વાપરશે અને નીચેના કાર્યો બજાવશે :-

(૧) ગ્રંથાલયોના નિયંત્રણ અને વ્યવસ્થા સહિત તમામ શૈક્ષણિક બાબતો ઉપર બોર્ડને સલાહ આપવી;

(૨) સંશોધન અને વિસ્તરણ શિક્ષણમાંની જગાઓ સહિત પ્રાધ્યાપક અથવા અધ્યાપનની બીજી કોઇ જગા શરૂ કરવા માટે અને તેમની ફરજોના સંબંધમાં ભલામણો કરવી;

(૩) અધ્યાપન, સંશોધન અને વિસ્તરણ શિક્ષણના વિભાગોની રચના અથવા પુનઃરચના માટેની યોજનાઓ બનાવવી, તેમાં ફેરફાર કરવો અથવા સુધારો કરવો;

(૪) યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓના પ્રવેશ અને પ્રવેશ સંબંધી વિનિયમો બનાવવા અને વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા સંબંધી વિદ્યાર્થીઓની સંખ્યા નક્કી કરવી;

(૫) સંલગ્ન કોલેજો અને માન્ય સંસ્થાઓમાં અભ્યાસ અને અધ્યાપનનું સંકલન કરવાની વ્યવસ્થા કરવી;

(૬) યુનિવર્સિટીમાં અથવા સંલગ્ન કોલેજોમાં અને માન્ય સંસ્થાઓમાં પદવીઓ, ડીપ્લોમા અને પ્રમાણપત્રો અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન માટે લાયક થવા માટે અભ્યાસક્રમો અને અભ્યાસ સંબંધી વિનિયમો મંજૂર કરવા;

(૭) કોલેજોને જોડાણ અને સંસ્થાઓને માન્યતા આપવા માટે બોર્ડને ભલામણ કરવી;

(૮) પરીક્ષાઓના સંચાલનને લગતા વિનિયમો કરવા અને તેના ધોરણો જાળવવાને ઉત્તેજન આપવું;

(૯) અનુસ્નાતક અધ્યાપન, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ સંબંધી ભલામણો કરવી;

(૧૦) યુનિવર્સિટીમાં અધ્યાપન, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ સ્ટાફ માટે લાયકાતો ઠરાવવા સંબંધી ભલામણ કરવી;

(૧૧) અભ્યાસક્રમ નક્કી કરવા માટે વિનિયમો બનાવવા;

(૧૨) આ અધિનિયમ અને સ્ટેચ્યુટોની જોગવાઈઓને અધીન રહીને, શૈક્ષણિક બાબતો અંગેના વિનિયમો કરવા;

(૧૩) સામાન્યતઃ તમામ શૈક્ષણિક બાબતોના સબંધમાં બોર્ડને સલાહ આપવી; અને

(૧૪) આ અધિનિયમની જોગવાઈઓથી અથવા તે હેઠળ તેને સોંપવામાં આવે તેવી બીજી કોઈ સત્તા વાપરવી અને તેને સોંપવામાં આવે તેવી બીજી ફરજો બજાવવી.

પશુચિકિત્સા અને પશુ વિજ્ઞાન સંશોધન પરિષદ.

૨૫. (૧) નીચેના સભ્યોની બનેલી એક પશુચિકિત્સા અને પશુ વિજ્ઞાન સંશોધન પરિષદ રહેશેઃ-

(૧) કુલપતિ, હોદ્દાની રૂએ અધ્યક્ષ;

(૨) પશુપાલન નિયામક, ગુજરાત રાજય અથવા સંયુકત નિયામકથી ઉતરતા દરજજાના ન હોય તેવા તેમના પ્રતિનિધિ, હોદ્દાની રૂએ;

(૩) મત્સ્યોદ્યોગ કમિશ્નર, ગુજરાત રાજય અથવા સંયુકત કમિશનરથી ઉતરતા દરજજાના ન હોય તેવા તેમના પ્રતિનિધિ, હોદ્દાની રૂએ;

(૪) નિયામકો, હોદ્દાની રૂએ;

(૫) વિદ્યાશાખાઓના ડીન, હોદ્દાની રૂએ;

(૬) કોલેજોના ડીન, હોદ્દાની રૂએ;

(૭) ઠરાવવામાં આવે તે રીતે, કુલપતિ દ્વારા વારાફરતી નામનિયુકત કરવામાં આવે તેવા, દરેક કોલેજોમાંથી એક વિભાગીય વડા;

(૮) કુલપતિએ વારાફરતી નામનિયુકત કરવાના એવા સંશોધન વૈજ્ઞાનિકો પૈકીના ચાર સભ્યો, જેમાંથી બે સભ્યો પશુચિકિત્સા વિજ્ઞાનની વિદ્યાશાખામાંથી અને ડેરી તથા મત્સ્યોદ્યોગની વિદ્યાશાખામાંથી એક એક સભ્ય;

(૯) કુલપતિએ નામનિયુકત કરવાના યુનિવર્સિટી બહારના પશુચિકિત્સા અથવા સંલગ્ન વિજ્ઞાનના ક્ષેત્રમાંના એક નામાંકિત વૈજ્ઞાનિક; અને

(૧૦) સંશોધન નિયામક, હોદ્દાની રૂએ સભ્ય-સચિવ રહેશે.

(૨) હોદ્દાની રૂએ હોય તે સિવાયના સભ્યોના હોદ્દાની મુદત બે વર્ષની રહેશે.

(૩) પરિષદ, ઠરાવવામાં આવે તેવી રીતે પોતાની બેઠકો યોજશે અને પોતાના કામકાજનું સંચાલન કરશે.

૨૬. પશુચિકિત્સા અને પશુવિજ્ઞાન સંશોધન પરિષદ નીચેની બાબતો અંગે વિચારણા કરશે અને તેને લગતી ભલામણો કરશે, - પશુચિકિત્સા અને પશુવિજ્ઞાન સંશોધન પરિષદના કાર્યો.

(ક) અસરકારક સંકલનને ઉત્તેજન આપવાના હેતુથી રાજયમાં યુનિવર્સિટીના એકમોએ, પશુચિકિત્સા વિજ્ઞાન અને પશુપાલન અને બીજા સંલગ્ન વિજ્ઞાનના ક્ષેત્રમાં હાથ ધરેલા કે હાથ ધરવાના સંશોધન કાર્યક્રમો અને પ્રોજેક્ટ;

(ખ) સંશોધન પ્રોજેક્ટના અમલીકરણ માટે જરૂરી ભૌતિક, રાજવિત્તિય અને વહીવટી સુવિધાઓ;

(ગ) ખેડૂતોની જરૂરિયાત મુજબનો સંશોધન અભિગમ અપનાવવો;

(ઘ) સંશોધન, વિસ્તરણ શિક્ષણ અને અધ્યાપનનું સંકલન અને અધ્યાપનમાં અને વિસ્તરણ શિક્ષણ કાર્યક્રમોમાં સંશોધન કાર્યકરોની સહભાગિતા; અને

(ચ) કુલપતિએ અથવા બોર્ડે અથવા યુનિવર્સિટીના બીજા કોઈપણ અધિકારીમંડળ દ્વારા વિચારણા માટે મોકલવામાં આવે તેવા સંશોધન કાર્યક્રમોને લગતી બીજી કોઈપણ બાબત.

૨૭. (૧) પશુચિકિત્સા અને પશુવિજ્ઞાન વિસ્તરણ શિક્ષણ પરિષદ નીચેના સભ્યોની બનશે:- પશુચિકિત્સા અને પશુવિજ્ઞાન વિસ્તરણ શિક્ષણ પરિષદ.

(૧) કુલપતિ, હોદ્દાની રૂએ અધ્યક્ષ;

(૨) પશુપાલન નિયામક, ગુજરાત રાજય અથવા સંયુકત નિયામકથી ઉતરતો દરજ્જો ધરાવતા ન હોય, તેવા તેમના પ્રતિનિધિ, હોદ્દાની રૂએ;

(૩) મત્સ્યોદ્યોગ કમિશનર ગુજરાત રાજય અથવા સંયુકત કમિશનરથી ઉતરતા દરજજાના ન હોય તેવા તેના પ્રતિનિધિ હોદ્દાની રૂએ;

(૪) નિયામકો;

(૫) વિદ્યાશાખાઓના ડીન;

(૬) કોલેજોના ડીન;

(૭) ઠરાવવામાં આવે તે રીતે, કુલપતિએ વારાફરતી નામનિયુકત કરવાના દરેક કોલેજમાંથી વિભાગના એક વડા;

(૮) કુલપતિ દ્વારા યુનિવર્સિટી બહારથી નામનિયુકત કરવામાં આવે તેવી, વિસ્તરણ શિક્ષણ ક્ષેત્રની એક નામાંકિત વ્યકિત; અને

(૯) કુલપતિ દ્વારા નામનિયુકત કરવામાં આવે તેવા, પશુપાલન પદ્ધતિનો અનુભવ ધરાવતા બે પ્રગતિશીલ ખેડૂતો;

(૧૦) વિસ્તરણ શિક્ષણ નિયામક, હોદ્દાની રૂએ સભ્ય સચિવ રહેશે.

(૨) હોદ્દાની રૂએ સભ્ય સિવાયના પશુચિકિત્સા અને પશુવિજ્ઞાન વિસ્તરણ શિક્ષણ પરિષદના સભ્યોના હોદ્દાની મુદત બે વર્ષની રહેશે.

(૩) પશુચિકિત્સા અને પશુવિજ્ઞાન વિસ્તરણ શિક્ષણ પરિષદ, ઠરાવવામાં આવે તેવી રીતે તેની બેઠકો યોજશે અને કામકાજનું સંચાલન કરશે.

૨૮. પશુચિકિત્સા અને પશુવિજ્ઞાન વિસ્તરણ શિક્ષણ પરિષદ નીચેની બાબતો અંગે વિચારણા કરશે અને તે અંગે ભલામણો કરશે :- પશુચિકિત્સા અને પશુવિજ્ઞાન વિસ્તરણ શિક્ષણ પરિષદના કાર્યો.

(ક) યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણના કાર્યક્રમો અને પ્રોજેક્ટ;

(ખ) પશુપાલન અને સંલગ્ન શાખાઓની અને ગ્રામીણ સમુદાયોના વિકાસ માટે સુધારણા માટે વિસ્તરણ શિક્ષણની પ્રવૃત્તિઓનું સંકલન;

(ગ) ખેડૂતોના શિક્ષણ, તાલીમ અને સલાહકારી સેવાઓનો વિકાસ, ક્ષેત્રીય સમસ્યાઓ ઓળખીને તેનો ઉકેલ લાવવો અને માહિતીનો પ્રસાર;

(ઘ) વિસ્તરણ શિક્ષણની પધ્ધતિ;

(ચ) વિસ્તરણ શિક્ષણનું યુનિવર્સિટીના અધ્યાપન અને સંશોધન સાથે સંકલન અને અધ્યાપકો અને સંશોધન કાર્યકરોની વિસ્તરણ શિક્ષણ કાર્યક્રમોમાં સહભાગિતા; અને

(છ) કુલપતિ, બોર્ડ અથવા યુનિવર્સિટીના કોઈ બીજા અધિકારીમંડળે તેને પુછાણ માટે મોકલેલી બીજી કોઈ પણ બાબત.

વિદ્યાશાખાઓ. ૨૯. (૧) યુનિવર્સિટીમાં પશુચિકિત્સા અને પશુવિજ્ઞાન, ડેરી, મત્સ્યોદ્યોગ અને ઠરાવવામાં આવે તેવી બીજી વિદ્યાશાખાઓ રહેશે.

(૨) દરેક વિદ્યાશાખાઓમાં ઠરાવવામાં આવે તેવા વિભાગો, પ્રભાગો અને કેન્દ્રનો સમાવેશ થશે. એકથી વધુ વિદ્યાશાખા માટે એક વિભાગ અથવા કેન્દ્રની સ્થાપના કરી શકાશે.

(૩) વિદ્યાશાખાઓની રચના, સત્તા અને કાર્યો ઠરાવવામાં આવે તેવા રહેશે.

અભ્યાસ મંડળો. ૩૦. (૧) દરેક વિષય અથવા વિષય સમૂહ માટે એક અભ્યાસ મંડળ રહેશે, જેની રચના ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૨) અભ્યાસ મંડળો રચના, સત્તા અને કાર્યો ઠરાવવામાં આવે તેવા રહેશે.

આયોજન મંડળ. ૩૧. (૧) યુનિવર્સિટીના આયોજન મંડળની રચના કરવામાં આવશે, જે સામાન્યતઃ યુનિવર્સિટીના આયોજન અને વિકાસ અંગે સલાહ આપશે.

(૨) આયોજન મંડળ નીચેના સભ્યોનું બનશે :-

(૧) કુલપતિ, હોદ્દાની રૂએ અધ્યક્ષ;

(૨) કલમ ૧૦ના ખંડો(૩)થી (૬)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના યુનિવર્સિટીના અધિકારીઓ; અને

(૩) આયોજન મંડળે નામનિયુક્ત કરેલ આયોજનના સંબંધિત ક્ષેત્રમાં ઉચ્ચ શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતી પાંચ કરતાં વધુ નહિ તેટલી વ્યકિતઓ.

(૩) આયોજન મંડળના નામનિયુક્ત કરેલ સભ્યોના હોદ્દાની મુદત બે વર્ષની રહેશે.

(૪) બોર્ડ ઓફ મેનેજમેન્ટને, આ અધિનિયમથી તેનામાં નિહિત થયેલી તમામ બીજી સત્તા ઉપરાંત સંચાલક મંડળને નીતિવિષયક બાબતો અને એકેડેમિક કાઉન્સિલને કોઈપણ શૈક્ષણિક બાબતો વિષે સલાહ આપવાની સત્તા રહેશે.

નાણા સમિતિ. ૩૨. (૧) નાણા સમિતિ નીચેના સભ્યોની બનશે, :-

(૧) કુલપતિ, હોદ્દાની રૂએ અધ્યક્ષ;

(૨) સરકારના સચિવ, નાણા વિભાગ અથવા નાયબ સચિવથી ઉતરતા દરજજાના ન હોય તેવા તેમના પ્રતિનિધિ;

(૩) પશુપાલનનો હવાલો ધરાવતા સરકારના સચિવ, કૃષિ અને સહકાર વિભાગ અથવા નાયબ સચિવથી ઉતરતા દરજજાના ન હોય તેવા તેમના પ્રતિનિધિ;

(૪) રજિસ્ટ્રાર;

(૫) નાણા અને હિસાબી અધિકારી સમિતિના સભ્ય-સચિવ રહેશે; અને

(૬) બોર્ડ ઓફ મેનેજમેન્ટના હોદ્દાની રૂએ સભ્ય ન હોય તેવા વ્યક્તિઓમાંથી કુલપતિએ નામનિયુક્ત કરવાના એક સભ્ય.

(૨) નાણા સમિતિ નીચે પ્રમાણેની સત્તા વાપરશે અને કાર્યો કરશેઃ-

(ક) યુનિવર્સિટીના વાર્ષિક હિસાબો તપાસવા અને તે અંગે બોર્ડને સલાહ આપવી;

(ખ) વાર્ષિક અંદાજપત્રના અંદાજો તપાસવા;

(ગ) અંદાજપત્રમાં જોગવાઈ કરેલા ન હોય તેવા ખર્ચ અથવા અંદાજપત્રમાં જોગવાઈ કરેલી રકમ કરતા વધારે ખર્ચ ધરાવતી તમામ દરખાસ્તો અંગે યુનિવર્સિટીને ભલામણ કરવી;

(ઘ) યુનિવર્સિટીના નાણાકીય સંસાધનોની સ્થિતિની વખતોવખત સમીક્ષા કરવી;

(ચ) સામાન્યતઃ તમામ નાણાકીય બાબતો અંગે બોર્ડને સલાહ આપવી;

(છ) યુનિવર્સિટીના નાણા સંબંધી તમામ બાબતો અંગે બોર્ડને ભલામણ કરવી;

(જ) વહીવટી ખર્ચમાં કરકસરની ભલામણ કરવી;

(ઝ) બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા તેને સોંપવામાં આવે તેવા યુનિવર્સિટીના આવક અને ખર્ચના હિસાબો અને ઓડિટ સંબંધી બીજા કાર્યો કરવા; અને

(ટ) બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા માંગવામાં આવે ત્યારે બોર્ડ ઓફ મેનેજમેન્ટને નાણાકીય બાબતોમાં સલાહ આપવી.

## પ્રકરણ ૫
## નિવાસી પ્રશિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ

૩૩. યુનિવર્સિટીના નિવાસી પ્રશિક્ષણમાં, પશુચિકિત્સા અને પશુવિજ્ઞાન, ડેરી, મત્સ્યોદ્યોગ અને ઠરાવવામાં આવે તેવા બીજા સંલગ્ન વિજ્ઞાનની શાખાઓમાં સ્નાતક પદવી, અનુસ્નાતક પદવી અને ડોક્ટરેટ પદવીના કાર્યક્રમો અને ટૂંકાગાળાના ડિપ્લોમા અને પ્રમાણપત્ર અભ્યાસક્રમોનો સમાવેશ થશે. નિવાસી પ્રશિક્ષણ.

૩૪. (૧) યુનિવર્સિટી પશુચિકિત્સા, પશુપાલન, ડેરી, મત્સ્યોદ્યોગ અને સંલગ્ન વિજ્ઞાનોમાં વ્યૂહાત્મક, બુનિયાદી અને પ્રયોજિત સંશોધનો કરશે. સંશોધન.

(૨) યુનિવર્સિટી, તેની સંશોધન પરિષદ દ્વારા, તેના હકૂમતક્ષેત્રમાં પશુચિકિત્સા, પશુપાલન, ડેરી, મત્સ્યોદ્યોગ અને સંલગ્ન વિજ્ઞાનો માટેની સંશોધન પ્રવૃત્તિની મુખ્ય એજન્સી રહેશે.

(૩) યુનિવર્સિટી રાજય સરકારની સંમતિથી કાર્યલક્ષી સંશોધન સહિતના સંશોધન હાથ ધરવા માટે તેના પ્રાદેશિક હકૂમતક્ષેત્રમાં વિવિધ ઝોનમાં પ્રાદેશિક અથવા ક્ષેત્રિય સંશોધન મથકો અથવા પેટા-મથકો સ્થાપી શકશે.

૩૫. (૧) યુનિવર્સિટીમાં વિસ્તરણ કાર્યક્રમો શરૂ કરવામાં આવશે અને તે ટેકનોલોજી (તકનિક)ના મૂલ્યાંકન અને સુધારણા સુનિશ્ચિત કરશે અને પશુવિજ્ઞાન અને સંલગ્ન ક્ષેત્રોમાં વિકાસને વેગ આપવા માટે ખેડૂતો અને બીજા લોકો સંશોધનોના તારણો પર આધારિત તકનિકો અપનાવે તેવી સુવિધા ઊભી કરશે. તે, વિવિધ મધ્યસ્થીઓના લાભ માટે નિદર્શનો અને તાલીમ કાર્યક્રમો યોજશે. યુનિવર્સિટીના વિવિધ એકમો અને કેન્દ્ર સરકાર તથા રાજય સરકારની બીજી યોગ્ય એજન્સીઓ સાથે વિસ્તરણનું સંકલન કરવામાં આવશે. વિસ્તરણ શિક્ષણ.

(૨) યુનિવર્સિટી પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાનોમાં વિસ્તરણના મોડેલ વિકસાવવા માટે જવાબદાર રહેશે.

## પ્રકરણ ૬

## સ્ટેચ્યુટ અને વિનિયમો

સ્ટેચ્યુટ. ૩૬. (૧) બોર્ડ આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, સ્ટેચ્યુટ કરશે.

(૨) સ્ટેચ્યુટથી નીચેની તમામ અથવા તે પૈકીની કોઈપણ બાબત માટે જોગવાઈ કરી શકાશે:-

(૧) યુનિવર્સિટીના અધિકારીમંડળોની રચના, સત્તા અને ફરજો;

(૨) કુલપતિની સેવાની શરતો;

(૩) કુલાધિપતિ અને કુલપતિ સિવાયના યુનિવર્સિટીના અધિકારીઓની સત્તા, કાર્યો, ફરજો, લાયકાતો, નિમણૂકની રીત અને સેવાની શરતો;

(૪) અધ્યાપકોના કાર્યો, ફરજો, લાયકાતો, નિમણૂકની રીત અને સેવાની શરતો;

(૫) બીજા કર્મચારીઓના કાર્યો, ફરજો, લાયકાતો, નિમણૂકની રીત અને સેવાની શરતો;

(૬) નાણાકીય, વહીવટી અને બીજી સત્તાની સોંપણી;

(૭) પદવીઓ એનાયત કરવા માટે પદવીદાન સમારંભ યોજવા;

(૮) માનદ પદવીઓ અને શૈક્ષણિક વિશિષ્ટમાન એનાયત કરવા અને પાછા ખેંચવા;

(૯) વિદ્યાશાખાઓની સ્થાપના, એકીકરણ, પેટા-વિભાજન અને તે રદ કરવા;

(૧૦) વિદ્યાશાખામાં વિભાગોની સ્થાપના;

(૧૧) ટ્રસ્ટ, વસિયતી દાન, દાન વગેરેનો સ્વીકાર અને તેની વ્યવસ્થા કરવી;

(૧૨) શિષ્યવૃત્તિઓ, અધ્યેતાવૃત્તિ, ઈનામો, ચંદ્રકો અને શૈક્ષણિક પ્રકારના બીજા પારિતોષિકો માટે દેણગીનો સ્વીકાર;

(૧૩) સ્નાતકોની નોંધણી અને તેમની શૈક્ષણિક કામગીરીના રેકર્ડનો નિભાવ;

(૧૪) વિદ્યાર્થીઓનું પ્રશિક્ષણ, શિક્ષણ અને પરીક્ષાઓ;

(૧૫) કોલેજો, સંશોધન મથકો, વિસ્તરણ કેન્દ્રો, છાત્રાલયો, ગ્રંથાલયો વગેરેની સ્થાપના;

(૧૬) યુનિવર્સિટીના અધિકારીમંડળો અને સમિતિઓની બેઠકોની કાર્યરીતિ અને તેના કામકાજનું સંચાલન;

(૧૭) યુનિવર્સિટીના અધિકારીઓ, અધ્યાપકો અને બીજા કર્મચારીઓના લાભાર્થે જેને અધીન રહીને પેન્શન, પ્રોવિડન્ટ ફંડ અને વીમા નિધિની વ્યવસ્થા કરવી જોઈશે તે રીત અને તેની બોલીઓ અને શરતો; અને

(૧૮) આ અધિનિયમ હેઠળ સ્ટેચ્યુટથી ઠરાવવાની અથવા ઠરાવી શકાય તેવી બીજી બાબત.

(૩) સ્ટેચ્યુટથી કોઈ અધિકારી અથવા યુનિવર્સિટીના અધિકારીમંડળની સત્તા અથવા ફરજોને અસર થતી હોય ત્યારે, બોર્ડ, આવો સ્ટેચ્યુટ પસાર કરતાં પહેલાં, સબંધિત અધિકારી અથવા અધિકારીમંડળના મંતવ્યો અંગે ખાતરી કરીને તેની વિચારણા કરવી જોઈશે.

(૪) બોર્ડ પસાર કરેલ દરેક સ્ટેચ્યુટ કુલાધિપતિને મોકલવો જોઈશે, જે તેને પોતાની અનુમતિ આપશે અથવા તેને અટકાવી શકશે અથવા વિચારણા માટે બોર્ડને પરત મોકલી શકશે.

(૫) બોર્ડ પસાર કરેલો કોઈ સ્ટેચ્યુટ કુલાધિપતિ તેને અનુમતિ ન આપે ત્યાં સુધી કાયદેસર ગણાશે નહીં.

૩૭. (૧) કલમ ૨૦ના ખંડો (૨), (૫) અને (૬)માં નિર્દિષ્ટ કરેલા યુનિવર્સિટીના અધિકારીમંડળો, નીચેની તમામ અથવા તે પૈકીની કોઈપણ બાબત માટે, આ અધિનિયમ અને સ્ટેચ્યુટ સાથે સુસંગત વિનિયમો કરી શકશે:- વિનિયમો.

(ક) પોતાની બેઠકોમાં અનુસરવાની કાર્યરીતિ ઠરાવવા બાબત અને એવી બેઠકોમાં કામકાજના સંચાલન બાબત;

(ખ) આ અધિનિયમ અથવા સ્ટેચ્યુટથી જે બાબતો માટે વિનિયમોથી જોગવાઈ કરવાની હોય તેની જોગવાઈ કરવા બાબત; અને

(ગ) એવા અધિકારીમંડળોને જ લગતી તમામ બાબતોની અથવા એવા અધિકારીમંડળના મતે આ અધિનિયમ અથવા સ્ટેચ્યુટ હેઠળ પોતાની સત્તા વાપરવા માટે અને પોતાની ફરજો બજાવવા માટે જોગવાઈ કરવાની જરૂર હોય તેવી બાબતોની જોગવાઈ કરવા બાબત.

(૨) કોઈ અધિકારીમંડળે કરેલો વિનિયમ, વિનિયમ કરતું અધિકારીમંડળ ફરમાવે તેવી તારીખથી અમલમાં આવશે.

(૩) એકેડેમિક કાઉન્સિલ, સ્ટેચ્યુટની જોગવાઈઓને અધીન રહીને, યુનિવર્સિટીના અભ્યાસક્રમો, પરીક્ષાની પદ્ધતિ અને પદવી અને ડિપ્લોમા માટે જોગવાઈ કરતા વિનિયમો, તેના મુસદ્દાની નકલ સંબંધિત વિદ્યાશાખા પાસેથી મેળવ્યા પછી, તે વિનિયમો કરી શકશે.

(૪) (ક) પેટા-કલમ(૩) હેઠળ વિદ્યાશાખા પાસેથી મુસદ્દો મળ્યે, એકેડેમિક કાઉન્સિલ આવો મુસદ્દો મંજૂર કરી શકશે અને વિનિયમો કરી શકશે અથવા મુસદો નામંજૂર કરી શકશે અથવા એકેડેમિક કાઉન્સિલના સૂચનો સહિત તે સમગ્ર મુસદ્દો અથવા તેનો આંશિક ભાગ ફેર વિચારણા માટે વિદ્યાશાખાને પાછો મોકલી શકશે. એકેડેમિક કાઉન્સિલ, વિનિયમોના એવા મુસદ્દાની મંજૂરી માટેનું આખરી સત્તાધિકારી ગણાશે.

(ખ) એવી રીતે પરત મોકલેલ કોઈ મુસદ્દાની એકેડેમિક કાઉન્સિલે સુચવેલા કોઈ સુધારા સાથે વિદ્યાશાખાએ વધુ વિચારણા કર્યા પછી, તેના ઉપર વિદ્યાશાખાના રિપોર્ટ સાથે, એકેડેમિક કાઉન્સિલ સમક્ષ ફરીથી રજૂ કરવો જોઈશે અને એકેડેમિક કાઉન્સિલ ત્યાર પછી, તે મુસદ્દાની પોતે યોગ્ય ગણે તેવી રીતે તજવીજ કરી શકશે.

(૫) બોર્ડ ઓફ મેનેજમેન્ટ, કોઈ અધિકારીમંડળે આ કલમ હેઠળ કરેલા કોઈ વિનિયમમાં પોતે નિર્દિષ્ટ કરે તેવી રીતે સુધારો કરવા આદેશ કરી શકશે:

પરંતુ આવો કોઈ સુધારો કરવાથી તે વિનિયમ હેઠળ અગાઉ કરેલા કોઈ કૃત્યની કાયદેસરતાને અથવા કરવાના કાર્યલોપને બાધ આવશે નહીં.

(૬) જે વિનિયમમાં યુનિવર્સિટી ફંડમાંથી ખર્ચ કરવાનો સમાવેશ થતો હોય તેવો વિનિયમ, બોર્ડ ઓફ મેનેજમેન્ટ મંજૂર ન કરે ત્યાં સુધી, અમલમાં આવશે નહીં.

## પ્રકરણ ૭

## ફંડ અને હિસાબો

૩૮. (૧) યુનિવર્સિટી 'યુનિવર્સિટી ફંડ' એ નામનું એક ફંડ સ્થાપશે. યુનિવર્સિટી ફંડ.

(૨) યુનિવર્સિટી ફંડ નીચેનાનું બનશે અથવા તે ફંડમાં નીચે પ્રમાણેની ચુકવણી કરી શકાશે:-

(ક) સરકાર અથવા ભારતીય પશુચિકિત્સા પરિષદ અથવા ભારતીય કૃષિ સંશોધન પરિષદ અથવા કોઈ બીજી એજન્સી તરફથી મળેલો કોઈપણ ફાળો અથવા ગ્રાન્ટ;

IX- Ex.-87-7

(ખ) ફી અને ચાર્જ અને ખેતપેદાશોના વેચાણમાંથી થતી આવકો સહિત તમામ સ્ત્રોતોમાંથી થતી યુનિવર્સિટીની આવક;

(ગ) યુનિવર્સિટીને થયેલી આવક, તેને મળેલા વસિયતી દાન, સખાવતી દેણગીઓ અને બીજી ગ્રાન્ટ વગેરે; અને

(ઘ) રાજય સરકારની પૂર્વ પરવાનગીથી બેન્કો પાસેથી ઉછીની લીધેલી કોઇ રકમ.

(૩) યુનિવર્સિટી ફંડ, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયામાં અથવા રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા અધિનિયમ, ૧૯૩૪માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની કોઇપણ અનુસૂચિત બેંકમાં રાખવું જોઇશે અથવા ટ્રસ્ટ અધિનિયમ, ૧૮૮૨ અથવા મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦થી અધિકૃત કરેલી જામીનગીરીઓમાં રોકવું જોઇશે. સન ૧૯૩૪નો અધિનિયમ ક્રમાંક: ૨. સન ૧૮૮૨નો અધિનિયમ ક્રમાંક: ૨. સન ૧૯૫૦નો મુંબઇનો અધિનિયમ ક્રમાંક: ૨૯.

યુનિવર્સિટીનું સ્થાપના ફંડ.

૩૯. (૧) યુનિવર્સિટી, સરકારે ફંડમાં જમા કરવા માટે આપેલા ફાળા તથા ગ્રાન્ટોમાંથી અને સ્ટેચ્યુટ અનુસાર સદરહુ ફંડમાં જમા કરવામાં આવે તેવી યુનિવર્સિટીની બીજી રકમોમાંથી યુનિવર્સિટી સ્થાપના ફંડ એ નામનું એક ફંડ સ્થાપશે.

(૨) સ્થાપના ફંડના નાણા, ટ્રસ્ટ અધિનિયમ, ૧૮૮૨ અથવા મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦થી અધિકૃત કરેલ જામીનગીરીઓમાં રોકવા જોઇશે. સન ૧૮૮૨નો ૨ જો સન ૧૯૫૦નો મુંબઇનો ૨૯ મો

(૩) યુનિવર્સિટીના ફંડ અને તમામ નાણાનો વહીવટ ઠરાવવામાં આવે તેવી રીતે કરવો જોઇશે.

બીજા ફંડ.

૪૦. યુનિવર્સિટી સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવા બીજા ફંડ ધરાવી શકશે.

પેન્શન, પ્રોવિડન્ટ ફંડ વગેરે.

૪૧. (૧) યુનિવર્સિટી, પોતાના અધિકારીઓ, અધ્યાપકો અને બીજા કર્મચારીઓના લાભાર્થે ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવી શરતોને અધીન રહીને, પોતે યોગ્ય ગણે તેવી રીતે પેન્શન, પ્રોવિડન્ટ ફંડ અને વીમા ફંડ રચવાની પૂરતી જોગવાઇઓ કરશે.

(૨) રાજય સરકાર એવું જાહેર કરી શકશે કે પ્રોવિડન્ટ ફંડ અધિનિયમ, ૧૯૨૫ની જોગવાઇઓ, પેટા-કલમ(૧) હેઠળ રચાયેલા ફંડને, જાણે તે ફંડ સરકારી ભવિષ્ય નિધિ હોય તે રીતે લાગુ પડશે. સન ૧૯૨૫નો ૧૯મો.

પ્રોવિડન્ટ ફંડ સરકારી તિજોરીમાં જમા કરવા બાબત.

૪૨. (૧) યુનિવર્સિટીએ કલમ ૪૧ હેઠળ પ્રોવિડન્ટ ફંડ સ્થાપ્યું હોય, ત્યારે, એવાં ફંડના નાણા તે સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજય સરકાર લેખિત હુકમથી વખતોવખત આપે તેવા આદેશો અનુસાર રાજય સરકારની તિજોરીમાં જમા કરાવવા જોઇશે અને તેમ થયે, -

(૧) ફંડનો ખાતેદાર, પોતાના પ્રોવિડન્ટ ફંડના ખાતામાંની સિલક ઉપર વ્યાજ માટે રાજય સરકારનો કર્મચારી પોતાના પ્રોવિડન્ટ ફંડના ખાતામાંની સિલક ઉપર વ્યાજ માટે જે તે સમયે હકદાર થાય તેટલા જ દરે હકદાર રહેશે; અને

(૨) એવા સરકારી કર્મચારીને લાગુ પડતા હોય તે પ્રમાણેના પ્રોવિડન્ટ ફંડમાંથી રકમ ઉપાડી લેવાની મર્યાદાને લાગુ પડતા તત્સમયે અમલમાં હોય તેવા નિયમો, શકય હોય ત્યાં સુધી ખાતેદારને પણ લાગુ પડશે.

(૨) આ કલમમાંનો કોઇપણ મજકૂર જેને કર્મચારી પ્રોવિડન્ટ ફંડ અને પ્રકીર્ણ જોગવાઇઓ અધિનિયમ, ૧૯૫૨ લાગુ પડતો હોય તેવા, યુનિવર્સિટી દ્વારા સ્થાપિત પ્રોવિડન્ટ ફંડને લાગુ પડશે નહિ. સન ૧૯૫૨નો ૧૯મો.

૪૩. રાજ્ય સરકાર આ અર્થે રાજ્ય વિધાનમંડળે કાયદાથી યોગ્ય વિનિયોગ કર્યા પછી, દરેક વર્ષમાં યુનિવર્સિટીને ગ્રાન્ટ આપવા માટે નીચે પ્રમાણે જોગવાઇ કરશે:- ગ્રાન્ટ.

(ક) સ્ટાફના પગાર અને ભથ્થાં, આકસ્મિક ખર્ચા અને યુનિવર્સિટીની સેવા અંગેના અંદાજિત ચોખ્ખા ખર્ચ કરતાં ઓછી ન હોય તેટલી રકમની ગ્રાન્ટ;

(ખ) યુનિવર્સિટીની યોગ્ય કામગીરી માટે રાજ્ય સરકાર જરૂરી ગણે તેવા આવર્તક અને અનાવર્તક ખર્ચની વધારાની બાબતોને પહોંચી વળવા માટેની ગ્રાન્ટ.

૪૪. (૧) નાણા અને હિસાબી અધિકારીએ, બોર્ડના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીના વાર્ષિક હિસાબો તૈયાર કરવા જોઇશે અને જે કોઇપણ સ્રોતમાંથી યુનિવર્સિટીને મળેલા અથવા તેણે મેળવેલા તમામ નાણા અને યુનિવર્સિટીએ ખર્ચેલી અને ચૂકવેલી તમામ રકમો હિસાબોમાં નોંધવી જોઇશે. વાર્ષિક હિસાબો, ઓડિટ અને નાણાકીય અંદાજો.

(૨) ઉપલબ્ધ થવાનો સંભવ હોય તેવી સરકારી ગ્રાન્ટને ધ્યાનમાં રાખીને, બોર્ડે, આગામી વર્ષ માટેના નાણાકીય અંદાજો ઠરાવવામાં આવે તેવી તારીખ પહેલાં તૈયાર કરવા જોઇશે.

(૩) બોર્ડ પોતાની વાર્ષિક બેઠકમાં વાર્ષિક હિસાબો અને નાણાકીય અંદાજોની વિચારણા કરવી જોઇશે અને હિસાબો અને નાણાકીય અંદાજો સ્વીકારતો ઠરાવ પસાર કરવો જોઇશે.

(૪) એવી રીતે સ્વીકારેલા વાર્ષિક હિસાબો કુલપતિએ ઓડિટ માટે રાજ્ય સરકારને સાદર કરવા જોઇશે, જેનું રાજ્ય સરકારે, એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય સાથે વિચાર-વિનિમય કરીને નીમેલા ઓડિટર દ્વારા ઓડિટ કરાવવું જોઇશે.

(૫) બોર્ડ, હિસાબોના ઓડિટ થયા પછી, ઓડિટ રિપોર્ટની નકલ અને ઓડિટ રિપોર્ટ ઉપર યુનિવર્સિટીએ લીધેલા પગલાંના નિવેદન સહિત તેની એક નકલ, રાજ્ય સરકાર સમક્ષ રજૂ કરવી જોઇશે, જેને તે રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકાવશે.

૪૫. (૧) કુલપતિના આદેશ હેઠળ રજિસ્ટ્રારે યુનિવર્સિટીનો વાર્ષિક અહેવાલ તૈયાર કરવો જોઇશે અને તેજે વાર્ષિક બેઠકમાં વિચારણામાં લેવાનો હોય તેના એક મહિના પહેલા બોર્ડ સમક્ષ સાદર કરવો જોઇશે. વાર્ષિક અહેવાલ.

(૨) બોર્ડ, અહેવાલ પર વિચારણા કર્યા પછી જરૂરી જણાય તેવી ટિપ્પણી સાથે તે રાજ્ય સરકારને મોકલી આપશે અને રાજ્ય સરકાર તેની ટિપ્પણી સાથે અહેવાલ રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકાવશે.

## પ્રકરણ ૮

## જોડાણ અને માન્યતા

૪૬.(૧) પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાનમાં શિક્ષણ આપવા ઇચ્છતી કોલેજે, યુનિવર્સિટીના જોડાણ માટે, જે વર્ષમાં કોલેજ શરૂ કરવા ધાર્યું હોય તેની અગાઉના વર્ષના માર્ચ મહિનાની ૩૧મી તારીખથી મોડું નહિ તે રીતે ઠરાવવામાં આવે તેવી રીતે, ઠરાવવામાં આવે તેવી વિગતો અને બાંયધરી ધરાવતા નમૂનામાં અને ઠરાવેલી ફી સાથે રજિસ્ટ્રારને અરજી કરવી જોઇશે: જોડાણ.

પરંતુ કુલપતિની ભલામણ ઉપરથી, બોર્ડ, પોતાને એવી ખાતરી થાય કે તેમ કરવા માટે ખાસ કારણો છે, તો આવા કારણોની નોંધ કર્યા પછી, ૩૧મી માર્ચ પછી રજિસ્ટ્રારને મોકલેલો અરજીનો પત્ર ધ્યાનમાં લઇ શકશે.

(૨) જોડાણ માટે અરજી કરતી કોલેજે, બોર્ડ અને એકેડેમિક કાઉન્સિલને એવી ખાતરી કરાવવી જોઇશે કે.-

(ક) કોલેજ નિયમિત રીતે રચાયેલાં ગવર્નિંગ બોડીના વહીવટ હેઠળ છે;

(ખ) શૈક્ષણિક સ્ટાફની સંખ્યા અને લાયકાતો અને તેમના હોદ્દાની મુદતનું નિયમન કરતી શરતો, કોલેજે પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાનમાં આપવાના શિક્ષણ માટેની અને કોલેજે હાથ ધરવાના પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાનમાં સંશોધન અને વિસ્તરણ શિક્ષણના કાર્યક્રમ યોજવા માટે માર્ગદર્શન આપવા માટેની યોગ્ય જોગવાઇ કરતી હોય તેવી છે;

(ગ) જે મકાનમાં કોલેજ હોય અથવા તે જેમાં ચલાવવાની હોય તે મકાન યોગ્ય છે અને પોતાના માતાપિતા અથવા વાલી સાથે રહેતા ન હોય તેવા વિદ્યાર્થીઓના કોલેજમાં નિવાસ માટે અથવા કોલેજે માન્ય કરેલા નિવાસગૃહમાં રહેવાની અને વિદ્યાર્થીઓની દેખરેખ રાખવાની અને તેમના કલ્યાણ માટે સ્ટેચ્યુટ અનુસાર જોગવાઇ કરવામાં આવી છે અથવા કરવામાં આવશે;

(ઘ) ગ્રંથાલય માટે યોગ્ય જોગવાઇ કરેલી છે અથવા કરવામાં આવશે;

(ચ) પ્રયોગાત્મક વિજ્ઞાનની કોઇ શાખા સાથે જોડાણ કરવા ધાર્યું હોય ત્યારે યોગ્ય રીતે સાધનસજ્જ પ્રયોગશાળામાં વિજ્ઞાનની તે શાખાનું શિક્ષણ આપવા માટે સ્ટેચ્યુટ અને વિનિયમોને અનુરૂપ વ્યવસ્થા કરવામાં આવી છે અથવા કરવામાં આવશે;

(છ) ડીન અને શૈક્ષણિક સ્ટાફના બીજા સભ્યોને કોલેજમાં અથવા કોલેજની નજીક અથવા વિદ્યાર્થીઓના નિવાસ માટે પૂરી પાડવામાં આવેલી જગાની નજીક રહેવા માટે સંજોગો અનુકૂળ હોય ત્યાં સુધી યોગ્ય જોગવાઇ કરવામાં આવી છે અથવા કરવામાં આવશે;

(જ) કોલેજના નાણાકીય સાધનો એવા છે કે તેના સતત નિભાવ માટે અને તેને કાર્યક્ષમતાથી ચલાવવા માટે યોગ્ય જોગવાઇ થઇ શકે;

(ઝ) વિદ્યાર્થીઓએ ચૂકવવાની ફી (જો કોઇ હોય તો તે) નક્કી કરતા કોલેજ નિયમો, તેની કોઇ નજીકની વિદ્યમાન કોલેજ સાથે શિક્ષણના હિતને નુકસાન થાય તેવી સ્પર્ધા ઊભી થાય તેવી રીતે ઘડવામાં આવ્યા નથી;

(ટ) કોલેજના ડીન અને શૈક્ષણિક સ્ટાફના સભ્યોની ભરતી માટે કોલેજની પસંદગી સમિતિ છે, જેમાં નીચેના સભ્યોનો સમાવેશ થાય છેઃ-

(૧) ડીનની ભરતીના કિસ્સામાં, કુલપતિએ નામનિયુક્ત કરેલા યુનિવર્સિટીના પ્રતિનિધિ; અને

(૨) કોલેજના શૈક્ષણિક સ્ટાફના કોઇ સભ્યની ભરતીના કિસ્સામાં, કુલપતિએ નામનિયુક્ત કરેલા યુનિવર્સિટીના પ્રતિનિધિ અને આવા સભ્યોએ શીખવવાના વિષય સાથે સંકળાયેલા સંબંધિત વિભાગના વડા, હોય તો, તેઃ

પરંતુ આ ખંડમાંનો કોઇપણ મજકૂર, કોઇ સરકારી કોલેજ અથવા સરકાર દ્વારા નિભાવાતી હોય તેવી કોલેજને લાગુ પડશે નહીં.

(૩) અરજીમાં એવી બાંયધરી હોવી જોઇશે કે ભારતીય પશુચિકિત્સા પરિષદ અધિનિયમ, ૧૯૮૪ની તમામ જોગવાઇઓ અને તે હેઠળના વિનિયમો અને સરકારી અથવા સરકાર દ્વારા નિભાવાતી હોય તેવી કોલેજ ન હોય તેવી જોડાણ કરેલી કોલેજના અધ્યાપકીય અને બીજા શૈક્ષણિક અને બિન-શૈક્ષિણક સ્ટાફના પગાર ધોરણ અને ભથ્થાં સહિત સેવાની શરતો માટે જોગવાઇ કરતા સ્ટેચ્યુટ અને વિનિયમોનું કોલેજ પાલન કરશે. સન ૧૯૮૪નો પરમો.

(૪) અરજીમાં એવી બાંયધરી હોવી જોઇશે કે કોલેજના જોડાણ પછી, સંચાલનની કોઇ તબદીલી અને શૈક્ષણિક સ્ટાફમાંના ફેરફારો અને બીજા ફેરફારો કે જેના પરિણામે ઉપર્યુક્ત જરૂરિયાતો પરિપૂર્ણ ન થતી હોય અથવા પરિપૂર્ણ થવાનું ચાલુ હોય તો, તે બાબતમાં બોર્ડને તરત જ રિપોર્ટ કરવામાં આવશે.

(૫) પેટા-કલમ (૧) હેઠળ અરજી મળ્યે, બોર્ડઃ-

(ક) અરજીમાં ઉલ્લેખેલી બાબતો અને જરૂરી અને સંબંધિત ગણવામાં આવે તેવી બીજી બાબતોના સંબંધમાં, બોર્ડે આ અર્થે અધિકૃત કરેલી સક્ષમ વ્યકિત અથવા વ્યકિતઓ દ્વારા સ્થાનિક તપાસ કરવાનો આદેશ કરશે;

(ખ) પોતાને જરૂરી જણાય તેવી વધુ તપાસ કરશે;

(ગ) તેને જણાવેલી શરતો પૈકી કોઇ શરતની પુનઃવિચારણા કરવા માટે અરજદારે કોઇ વિનંતી કરી હોય તો તેની ઉપર યોગ્ય વિચારણા કરશે; અને

(ઘ) ખંડો (ક) અને (ખ) હેઠળ કોઇપણ તપાસનું પરિણામ જણાવીને, અરજી સંપૂર્ણતઃ અથવા અંશતઃ મંજૂર કરવી કે નામંજૂર કરવી જોઇશે કે કેમ તે પ્રશ્ન અંગે એકેડમિક કાઉન્સિલ સાથે વિચારવિનિમય કર્યા પછી, પોતાનો અભિપ્રાય નોંધશેઃ

પરંતુ કોલેજના જોડાણ સંબંધી એકેડમિક કાઉન્સિલના મંતવ્ય, બોર્ડને સ્વીકાર્ય ન હોય ત્યારે, બોર્ડ કોઇપણ ટિપ્પણી સાથે અથવા તે વિના, તે બાબત ફરીથી પુછાણ માટે મોકલશે અને એકેડમિક કાઉન્સિલ કોલેજના જોડાણ સંબંધી પોતાનું મંતવ્ય બોર્ડને ફરીથી જણાવશે.

(૬) અરજી અથવા તેનો કોઇપણ ભાગ મંજૂર કર્યો હોય ત્યારે યુનિવર્સિટીના હુકમમાં, જેના સંબંધમાં કોલેજનું જોડાણ કર્યું હોય તે પ્રશિક્ષણનો અભ્યાસક્રમ નિર્દિષ્ટ કરવો જોઇશે અને અરજી અથવા તેનો કોઇપણ ભાગ નામંજૂર કર્યો હોય તો, આવી રીતે નામંજૂર કરવાના કારણો નોંધવા જોઇશે.

(૭) જોડાણ સંપૂર્ણતઃ અથવા અંશતઃ નામંજૂર કરવામાં આવે ત્યારે અરજદાર રાજય સરકારને અપીલ કરી શકશે. રજિસ્ટ્રાર, આવી અરજીને લગતી એકેડમિક કાઉન્સિલની અને બોર્ડની તમામ કાર્યવાહી રાજય સરકાર સમક્ષ સાદર કરશે, જે, પોતે જરૂરી ગણે તેવી તપાસ કર્યા પછી, અરજી અથવા તેનો કોઇપણ ભાગ મંજૂર કરશે અથવા નામંજૂર કરશે.

(૮) પેટા-કલમ(૧) હેઠળની અરજી, પેટા-કલમ (૬) હેઠળ હુકમ કરવામાં આવે તે પહેલાં કોઇપણ સમયે પરત ખેંચી શકાશે.

૪૭. જયારે કોઇ કોલેજ જે પ્રશિક્ષણના અભ્યાસક્રમ માટે તે જોડાયેલી હોય તે પ્રશિક્ષણનો અભ્યાસક્રમ ઉમેરવા માંગે ત્યારે, શકય હોય તેટલે સુધી કલમ ૪૬થી ઠરાવેલી કાર્યરીતિ અનુસરવી જોઇશે. જોડાણનું વિસ્તરણ.

૪૮. (૧) બોર્ડને, એકેડમિક કાઉન્સિલ સાથે વિચારવિનિમય કર્યા પછી, પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાનની કોલેજ હોય તે સિવાય, સંશોધન અથવા વિસ્તરણ શિક્ષણમાં કોઇ સંસ્થાને માન્ય સંસ્થા તરીકે માન્યતા આપવાની સત્તા રહેશે. સંસ્થાને માન્યતા.

(૨) આવી માન્યતા મેળવવા ઇચ્છતી સંસ્થાએ, રજિસ્ટ્રારને અરજી કરવી જોઇશે અને અરજીમાં નીચેની બાબતો સંબંધી સંપૂર્ણ માહિતી આપવી જોઇશેઃ-

(ક) બોર્ડ ઓફ મેનેજમેન્ટની રચના અને તેના કર્મચારીઓ;

(ખ) જેના સંબંધમાં માન્યતા માંગી હોય તે વિષયો અને અભ્યાસક્રમો;

(ગ) જગાની સવલત, સાધનસામગ્રી, ગ્રંથાલય સુવિધાઓ અને જેમના માટે જોગવાઇ કરી હોય કે કરવા ધાર્યું હોય તે વિદ્યાર્થીઓની સંખ્યા;

(ઘ) સ્ટાફનું સંખ્યાબળ, તેમની લાયકાતો અને પગાર અને તેમણે કરેલું સંશોધન કાર્ય;

(ચ) લીધેલી અથવા લેવા ધારેલી ફી અને મકાનો તથા સાધનસામગ્રી અંગેના મૂડી ખર્ચ માટે અને સંસ્થાના સતત નિભાવ અને કાર્યક્ષમ સંચાલન માટે કરવામાં આવેલી નાણાકીય જોગવાઇ.

(૩) અરજી વિચારણામાં લેતા પહેલાં, બોર્ડ પોતાને જરૂરી લાગે તેવી કોઇ વધુ માહિતી મંગાવી શકશે.

(૪) બોર્ડ તેણે આ અર્થે અધિકૃત કરેલી સક્ષમ વ્યકિત અથવા વ્યકિતઓ દ્વારા સ્થાનિક તપાસ કરવાનો આદેશ કરી શકશે. આવી સ્થાનિક તપાસના પરિણામે કરવામાં આવેલા રિપોર્ટ ઉપર વિચારણા કર્યા પછી અને પોતાને જરૂરી લાગે તેવી વધુ તપાસ કર્યા પછી, બોર્ડ એકેડમિક કાઉન્સિલનો અભિપ્રાય મેળવ્યા પછી, અરજી અથવા તેનો કોઇપણ ભાગ મંજૂર કરશે અથવા નામંજૂર કરશે. અરજી અથવા તેનો કોઇપણ ભાગ મંજૂર કરવામાં આવે ત્યારે, બોર્ડ સંસ્થાને જે વિષયો અને પ્રશિક્ષણના અભ્યાસક્રમના સંબંધમાં માન્યતા આપી હોય તે નિર્દિષ્ટ કરવા જોઇશે અને તેની પછીની તેમની બેઠકમાં એકેડમિક કાઉન્સિલને તે મતલબનો રિપોર્ટ કરવો જોઇશે. અરજી અથવા તેના કોઇપણ ભાગની નામંજૂરીના કારણો જણાવવા જોઇશે.

કોલેજ અથવા માન્ય સંસ્થાનું નિરીક્ષણ.

૪૯. (૧) જોડાણ પામેલી દરેક કોલેજે અને માન્ય સંસ્થાએ, પોતે કોલેજ અથવા સંસ્થાની કાર્યક્ષમતા વિષે નિર્ણય કરી શકે તે માટે બોર્ડ, એકેડમિક કાઉન્સિલ સાથે વિચારવિનિમય કર્યા પછી, માંગે તેવા રિપોર્ટ, પત્રકો અને બીજી માહિતી પૂરી પાડવી જોઇશે.

(૨) બોર્ડનો તે અર્થે આદેશ થયે, જોડાણ પામેલી કોલેજ અથવા માન્ય સંસ્થાનું નિરીક્ષણ કરવા માટે તેણે રચેલી તપાસ સમિતિની, જોડાણ પામેલી કોલેજ અથવા માન્ય સંસ્થાનું નિરીક્ષણ કરવાની અને બોર્ડને રિપોર્ટ કરવાની ફરજ રહેશે.

(૩) બોર્ડ તપાસણી સમિતિ દ્વારા આવી દરેક કોલેજ અથવા સંસ્થાનું વખતોવખત નિરીક્ષણ કરાવશે.

(૪) બોર્ડ એવી રીતે નિરીક્ષણ થયેથી, કોઇપણ કોલેજ અથવા સંસ્થાને નિર્દિષ્ટ સમયની અંદર કલમ ૪૬ ની પેટા-કલમ (૧) અથવા યથાપ્રસંગ, કલમ ૪૮ની પેટા-કલમ (૨) અથવા આવો દરજ્જો જે શરતોને અધીન રહીને મંજૂર કરવામાં આવ્યા હોય તે હેઠળની તેની અરજીમાં ઉલ્લેખેલી બાબતો અને બાંયધરીઓના સંબંધમાં પોતાને જરૂરી જણાય તેવું પગલું લેવા ફરમાવી શકશે.

જોડાણ પામેલી કોલેજો અને માન્ય સંસ્થાઓએ અધિનિયમો, સ્ટેચ્યુટસ અને વિનિયમોની જોગવાઇઓનું પાલન કરવા બાબત.

૫૦.(૧)દરેક જોડાણ પામેલી કોલેજ અથવા માન્ય સંસ્થાએ આ અધિનિયમ, સ્ટેચ્યુટસ અને વિનિયમોની જોગવાઇઓનું પાલન કરવું જોઇશે.

(૨) કોઇ જોડાણ પામેલી કોલેજ અથવા માન્ય સંસ્થા પેટા-કલમ (૧)ની જોગવાઇઓનું ઉલ્લંઘન કરે તો આ અધિનિયમની બીજી કોઇપણ જોગવાઇમાં ગમે તે મજકૂર હોય તે છતાં, -

(ક) આવી કોલેજ અથવા સંસ્થાને જોડાણ અથવા માન્યતાથી આપેલા હકો આવું ઉલ્લંઘન કર્યાની તારીખથી પરત ખેંચી લીધેલા ગણાશે, અને

(ખ) આવી કોલેજ અથવા સંસ્થા, આ અધિનિયમના હેતુઓ માટે જોડાણ પામેલી કોલેજ અથવા માન્ય સંસ્થા તરીકે હોતી બંધ થશે.

(૩) પેટા-કલમ(૨)થી અસર પામેલી કોઇપણ જોડાણ પામેલી કોલેજ અથવા માન્ય સંસ્થા, જોડાણ અથવા માન્યતાના પોતાના હક પરત ખેંચી લેવા સંબંધી કોઇ તકરાર ઊભી કરે તો, આવી તકરાર, રાજય સરકારને પુછાણ માટે મોકલવી જોઇશે અને આવી તકરારનો નિર્ણય રાજય સરકાર કરશે અને તેનો નિર્ણય આખરી ગણાશે.

જોડાણ પાછું ખેંચી લેવા બાબત.

૫૧. (૧) કોલેજ તેના જોડાણની કોઇપણ શરતોનું પાલન કરવામાં નિષ્ફળ જાય અથવા શિક્ષણના હિતને બાધ આવે તેવી રીતે તે કોલેજ ચલાવવામાં આવતી હોય, તો કોલેજને જોડાણથી મળેલા હકો, સંપૂર્ણતઃ અથવા અંશતઃ પરત ખેંચી શકાશે અથવા તેમાં ફેરફાર કરી શકાશે.

(૨) આવા હકો પરત ખેંચી લેવાની અથવા તેમાં ફેરફાર કરવાની દરખાસ્ત ફક્ત બોર્ડમાં જ લાવી શકાશે. આવી દરખાસ્ત લાવવા માંગતા બોર્ડના સભ્યે, તેની નોટિસ આપવી જોઇશે અને જે કારણોસર તે દરખાસ્ત લાવવામાં આવી હોય તે કારણો લેખિતમાં જણાવવા જોઇશે.

(૩) સદરહુ દરખાસ્તને વિચારણામાં લેતાં પહેલાં, બોર્ડે, દરખાસ્તની નોટિસની અને જે કારણોસર તે કરવામાં આવી હોય તે કારણોના નિવેદનની એક નકલ સંબંધિત કોલેજના ડીનને, મોકલી આપવી જોઈશે અને તેની સાથે એવી સૂચના મોકલવી જોઈશે કે તે સૂચનામાં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર કોલેજ તરફથી સાદર કરવામાં આવેલી કોઇપણ લેખિત રજૂઆત ઉપર બોર્ડ વિચારણા કરશે.

(૪) રજૂઆત મળ્યે અથવા પેટા-કલમ(૩)માં ઉલ્લેખેલી મુદત પૂરી થયે, બોર્ડ, દરખાસ્તની નોટિસ, નિવેદન અને રજૂઆત પર વિચારણા કર્યા પછી, અને આ અર્થે બોર્ડે અધિકૃત કરેલી કોઇ સક્ષમ વ્યકિત અથવા વ્યકિતઓએ આવી તપાસણી કર્યા પછી અને તેને જરૂરી જણાય તેવી વધુ તપાસ કર્યા પછી અને એકેડેમિક કાઉન્સિલ સાથે વિચારવિનિમય કર્યા પછી, ઠરાવથી, જોડાણ પાછું ખેંચી લઇ શકશે અથવા મોકૂફ રાખી શકશે.

માન્યતા પાછી ખેંચી લેવા બાબત.

પર.(૧) કોઈ સંસ્થા તેની માન્યતાની શરતો પૈકીની કોઈ પણ શરતનું પાલન કરવામાં નિષ્ફળ જાય અથવા શિક્ષણના હિતને બાધ આવે તે રીતે તે સંસ્થા ચલાવવામા આવે તો, માન્યતાને લીધે સંસ્થાને મળેલા હકો પાછા ખેંચી લઈ શકાશે અથવા કોઈપણ મુદત માટે મોકૂફ રાખી શકાશે.

(૨) આવી માન્યતા પાછી ખેંચી લેવા અથવા મોકૂફ રાખવા બાબતની દરખાસ્ત ફક્ત બોર્ડમાં જ લાવી શકાશે. આવી દરખાસ્ત લાવવા માંગતા બોર્ડના સભ્યે, તે બાબતની નોટિસ આપવી જોઈશે અને જે કારણોસર દરખાસ્ત લાવવામાં આવી હોય તે કારણો લેખિતમાં જણાવવા જોઈશે.

(૩) સદરહુ દરખાસ્ત ઉપર વિચારણા કરતા પહેલાં, બોર્ડે, દરખાસ્તની નોટિસ અને જે આધાર પર તે કરવામાં આવી હોય તેના લેખિત કારણોના નિવેદનની નકલ સંબંધિત સંસ્થાના વડાને એવી સૂચના સાથે મોકલવી જોઈશે અને તેમાં નિર્દિષ્ટ કરેલ મુદતની અંદર તે સંસ્થા વતી કરવામાં આવેલી કોઈ પણ લેખિત રજૂઆત ઉપર બોર્ડ વિચારણા કરશે.

(૪) રજૂઆત મળ્યે અથવા પેટા-કલમ (૩)માં ઉલ્લેખેલી મુદત પૂરી થયે, બોર્ડ, દરખાસ્તની નોટિસ, નિવેદન અને રજૂઆત પર વિચારણા કર્યા પછી અને આ અર્થે બોર્ડે અધિકૃત કરેલી કોઈ સક્ષમ વ્યકિત અથવા વ્યકિતઓએ આવી તપાસણી કર્યા પછી અને પોતાને જરુરી જણાય તેવી વધુ તપાસ કર્યા પછી અને એકેડેમિક કાઉન્સિલ સાથે વિચારવિનિમય કર્યા પછી, ઠરાવથી માન્યતા પાછી ખેંચી લઈ શકશે અથવા મોકૂફ રાખી શકશે.

## પ્રકરણ ૯

## પૂરક જોગવાઈઓ

કુલપતિ, બીજા અધિકારીઓ અને કર્મચારીઓ રાજય સેવક ગણાશે.

સન ૧૮૬૦નો ૪૫મો.

૫૩. કુલપતિ, રજિસ્ટ્રાર, નાણા અને હિસાબી અધિકારી, ડીન, નિયામકો અને યુનિવર્સિટીના બીજા અધિકારીઓ અને કર્મચારીઓ જયારે આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર કામગીરી કરતા હોય અથવા કરવાનું અભિપ્રેત હોય ત્યારે ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજય સેવકો ગણાશે.

**સ્પષ્ટીકરણ .-** આ કલમના હેતુ માટે, યુનિવર્સિટીએ નિર્દિષ્ટ મુદત માટે અથવા યુનિવર્સિટીના નિર્દિષ્ટ કામ માટે જેની નિમણૂક કરી હોય, અથવા કરેલ કોઈ કામ માટે જેને યુનિવર્સિટીના ફંડમાંથી વળતર ભથ્થુ અથવા ફી પેટે કોઇ મહેનતાણું મળતું હોય તે કોઈ પણ વ્યકિત આવી નિમણૂક અથવા કાર્ય સાથે સંકળાયેલ ફરજો

અને કાર્યો બજાવતી હોય ત્યારે તેની બજવણીને લગતી તમામ બાબતોના સંબંધમાં યુનિવર્સિટીના અધિકારી અથવા કર્મચારી ગણાશે.

સમિતિઓની રચના.

૫૪. યુનિવર્સિટીનું અધિકારી મંડળ, તેના હેતુઓ પાર પાડવા તેના સભ્યો અને તેને યોગ્ય લાગે તેવી બીજી વ્યકિતઓની બનેલી સમિતિ નીમી શકશે.

સત્તાની સોંપણી.

૫૫. આ અધિનિયમ અને સ્ટેચ્યૂટસની જોગવાઈઓને અધીન રહીને, યુનિવર્સિટીના કોઇ અધિકારીમંડળ પોતાનામાં નિહિત થયેલી સત્તા તેમના તાબા હેઠળના હોય તેવા અધિકારી અથવા અધિકારીમંડળને સોંપી શકશે.

કર્મચારીઓની સેવાની શરતો.

૫૬. (૧) આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, યુનિવર્સિટીના તમામ કર્મચારીઓના હોદ્દા, લાયકાતો, ભરતીની પધ્ધતિ, પગાર અને ભથ્થાં અને તેમની સત્તા અને ફરજો અને સેવાની અન્ય બોલીઓ અને શરતો વખતોવખત ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૨) સ્ટેચ્યૂટસમાં જોગવાઇ કરવામાં આવે તે સિવાય યુનિવર્સિટીના કોઇ અધિકારી કે કર્મચારીને યુનિવર્સિટીના કોઈપણ કાર્ય માટે કોઇ મહેનતાણું આપી શકાશે નહિ અથવા તેઓ સ્વીકારી શકશે નહિ.

યુનિવર્સિટીના કોઈપણ અધિકારીમંડળના સભ્યપદેથી દૂર કરવા અથવા હોદ્દો છોડવા બાબત.

૫૭. (૧) બોર્ડ, કુલાધિપતિની મંજૂરીથી કોઈપણ વ્યકિતને તેની વર્તણૂક, તેણે ધારણ કરેલ હોદ્દાને છાજે તેવી નથી તેવા કારણે યુનિવર્સિટીના કોઈપણ અધિકારીમંડળ અથવા મંડળના સભ્ય પદેથી દૂર કરી શકશે:

પરંતુ એવી વ્યકિતને કાયદાની અદાલતે નૈતિક અધઃપતનમાં સંડોવતા ફોજદારી ગુના હેઠળ ગુનેગાર ઠરાવેલ હોય ત્યારે કુલાધિપતિની પૂર્વમંજૂરીની જરૂર રહેશે નહિ.

વધુમાં કોઈ સભ્યને સુનાવણીની તક આપ્યા સિવાય તેને દૂર કરવાનો કોઈ હુકમ તેની વિરુધ્ધ કરી શકાશે નહિ.

(૨) યુનિવર્સિટીના હોય કે ન હોય તેવા અધિકારીમંડળ અથવા મંડળના પ્રતિનિધિ તરીકે યુનિવર્સિટીના કોઈ અધિકારીમંડળ અથવા મંડળની સભ્ય હોય તેવી વ્યકિત, તે બીજુ મંડળ કે જેમાંથી તે નીમાયેલ, નામનિયુકત કરાયેલ અથવા કો-ઓપ્ટ કરાયેલ હોય તેના સભ્ય તરીકે હોતી બંધ થાય તો આવા અધિકારીમંડળ અથવા મંડળના સભ્ય તરીકે હોતી બંધ થશે.

(૩) કોઈ વ્યકિત પોતાના હોદ્દાની રૂએ યુનિવર્સિટીના કોઈ અધિકારીમંડળ અથવા મંડળની સભ્ય બને ત્યારે, જો તે આવો હોદ્દો ધરાવવાનું બંધ કરે તો, તે એવા અધિકારી મંડળ અથવા મંડળની સભ્ય હોતી બંધ થશે.

(૪) યુનિવર્સિટીના કોઈપણ અધિકારીમંડળ અથવા મંડળના હોદ્દાની રૂએ, સભ્ય સિવાયનો કોઈપણ સભ્ય, રજિસ્ટ્રાર મારફત કુલપતિને સંબોધીને પત્ર લખીને પોતાનું રાજીનામું આપી શકશે, અને ખાલી જગ્યાઓ ભરવા સક્ષમ અધિકારીમંડળ સ્વીકારે તે તારીખથી અથવા કુલપતિને પત્ર મળ્યાની તારીખથી ત્રણ મહિના પૂરા થયે, એ બે માંથી જે વહેલું બને ત્યારે આવું રાજીનામું અમલમાં આવશે.

પ્રસંગોપાત ખાલી પડતી જગ્યાઓ ભરવા બાબત.

૫૮. યુનિવર્સિટીના કોઈ અધિકારીમંડળ કે મંડળ (હોદ્દાની રૂએ સભ્ય હોય તે સિવાય)ના સભ્યનો હોદ્દો, એવા સભ્યના હોદ્દાની મુદત પૂરી થાય તે પહેલાં ખાલી પડે ત્યારે, તેવી જગ્યા બનતી ત્વરાએ કોઇ એક સભ્યને નામનિયુકત કરીને, નીમીને અથવા યથાપ્રસંગ તેને કો-ઓપ્ટ કરીને ભરવી જોઈશે. જે સભ્ય, પોતે જે સભ્યને બદલે, નામનિયુકત થયેલો, નિમાયેલો, અથવા કો-ઓપ્ટ થયેલો હોય તે સભ્ય જો તે જગ્યા ખાલી પડી ન હોત તો જેટલો સમય હોદ્દો ધરાવત તેટલા સમય સુધી જ તે હોદ્દો ધરાવશે.

જગ્યા ખાલી હોવાને કારણે કાર્યવાહીઓ અમાન્ય ન ઠરાવવા બાબત.

૫૯. યુનિવર્સિટીના કોઈ અધિકારીમંડળ કે બીજા મંડળનું કોઈ કાર્ય કે કાર્યવાહી તેના કોઈ સભ્યની જગ્યા ખાલી પડી હોવાના કારણે જ અથવા અમુક વ્યકિતએ તે કાર્યવાહીમાં ભાગ લીધો હોય અને તેમ કરવાને તે હકદાર ન હોવાની જાણ પછીથી થઈ હોવાના કારણમાત્રથી ગેરકાયદેસર ગણાશે નહિ.

૬૦. (૧) આ અધિનિયમ અથવા કોઈપણ સ્ટેચ્યુટ અથવા વિનિયમની કોઈપણ જોગવાઈના અર્થઘટનની બાબતમાં, અથવા

યુનિવર્સિટીના અધિકારીમંડળ અથવા મંડળની રચના બાબતમાં વિવાદ.

(૨) કોઈ વ્યક્તિ, યુનિવર્સિટીના કોઈપણ અધિકારી મંડળના અથવા બીજા મંડળના સભ્ય તરીકે યોગ્ય રીતે નિમાયેલ છે કે કેમ અથવા તેવા સભ્ય તરીકે હકદાર છે અથવા હકદાર હોતી બંધ થઈ હોય અથવા યુનિવર્સિટીનું કોઈ મંડળ અથવા અધિકારીમંડળ યોગ્ય રીતે રચાયેલ છે તેની બાબતમાં, અથવા

(૩) યુનિવર્સિટીનો કોઈપણ નિર્ણય, આ અધિનિયમ, સ્ટેચ્યૂટ અથવા વિનિયમની જોગવાઈઓ અનુસાર છે કે કેમ તે બાબતમાં,

કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે,

(ક) જો તે ખંડો (૧) અને (૩)માં નિર્દિષ્ટ કરેલી બાબતને લગતો હોય તો, તે રાજ્ય સરકારને પુછાણ માટે મોકલી શકાશે, અને

(ખ) (૧) જો તે ખંડ (૨)માં નિર્દિષ્ટ કરેલી બાબતને લગતો હોય અથવા

(૨) બોર્ડના ઓછામાં ઓછા પાંચ સભ્યો એવી રીતે ફરમાવે તો, તે રાજ્ય સરકારને પુછાણ માટે મોકલવો જોઈશે,

અને રાજ્ય સરકાર, પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી, અને સુનાવણીની તક આપ્યા પછી એ પ્રશ્નનો નિર્ણય કરશે અને તેનો નિર્ણય આખરી ગણાશે.

૬૧. આ અધિનિયમ અને તે હેઠળ ઘડેલા સ્ટેચ્યુટ્સ અને વિનિયમો અનુસાર શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈ કાર્ય માટે યુનિવર્સિટી, તેના અધિકારીમંડળો, મંડળો, અધિકારીઓ અથવા બીજા કર્મચારીઓ સામે કોઈપણ દાવો, ફોજદારી કામ અથવા બીજી કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ.

શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ.

## પ્રકરણ ૧૦

## વચગાળાની જોગવાઈઓ

૬૨. કલમ ૧૨માં ગમે તે મજકૂર હોય તે છતાં, પ્રથમ કુલપતિની નિમણૂક આ અધિનિયમના આરંભ પછી, વધુમાં વધુ ત્રણ વર્ષની મુદત માટે અને પોતાને યોગ્ય લાગે તેવી બોલીઓ અને શરતોએ, રાજ્ય સરકાર, વ્યવહાર્ય હોય તેટલી જલદી કરશે.

પ્રથમ કુલપતિની નિમણૂક.

૬૩. (૧) પોતાની નિમણૂકની તારીખ પછી છ મહિનાની અંદર અથવા રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામાંથી આદેશ કરે તેટલી વધુમાં વધુ એકંદર એક વર્ષની મુદતની અંદર, બોર્ડ ઓફ મેનેજમેન્ટ સિવાયની યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલ અને બીજા અધિકારીમંડળો રચવા માટે ગોઠવણ કરવાની પ્રથમ કુલપતિની ફરજ રહેશે.

પ્રથમ કુલપતિની વચગાળાની સત્તા.

(૨) પ્રથમ કુલપતિએ, -

(ક) અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને રાજ્ય સરકાર સાથે વિચારવિનિમય કરીને, -

(૧) યુનિવર્સિટીના અધિકારીમંડળો રચવા માટે અને તેમની બેઠકોમાંની કાર્યરીતિને અને તેમનું કામકાજ ચલાવવા સંબંધી જરૂરી કામચલાઉ સ્ટેચ્યૂટ્સ કરવા જોઈશે,

(૨) અધિકારીમંડળોની રચનાની પદ્ધતિનું નિયમન કરવા માટે જરૂરી હોય તેવા નિયમો ઘડવા જોઈશે,

(ખ) આ અધિનિયમ હેઠળ પ્રથમ સ્ટેચ્યૂટસ અને વિનિયમો ઘડશે અને સંબંધિત અધિકારીમંડળો પોતાના કાર્યો બજાવવાનું શરૂ કરે ત્યારે બહાલી માટે તેમને તે સાદર કરશે. સંબંધિત અધિકારીમંડળ આવા સ્ટેચ્યૂટસ અને વિનિયમોને બહાલી આપે ત્યારે તેને રાજપત્રમાં પ્રસિદ્ધ કરવા જોઈશે.

(૩) પેટા-કલમ(૧) હેઠળ રચાયેલાં અધિકારીમંડળો રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આદેશ કરે તેવી તારીખે અથવા તારીખોએ તેમના કાર્યો બજાવવાનું શરૂ કરશે.

(૪) આ અધિનિયમ અને સ્ટેચ્યૂટસ અને વિનિયમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં, અધિકારી મંડળની યોગ્ય રીતે રચના કરવામાં ન આવે ત્યાં સુધી, પ્રથમ કુલપતિ, આ અધિનિયમ, સ્ટેચ્યૂટ અને વિનિયમો હેઠળ, આવા અધિકારીમંડળની કોઈપણ સત્તા વાપરવા અને કાર્યો બજાવવા માટે હંગામી રીતે કોઈપણ અધિકારીની નિમણૂક કરી શકશે અથવા કોઈપણ સમિતિની રચના કરી શકશે.

યુનિવર્સિટીના અધિકારીઓ અને અધ્યાપકોની પ્રથમ નિમણૂક.

૬૪. (૧) આ અધિનિયમનો આરંભ થયા પછી, કોઈપણ સમયે, યુનિવર્સિટીના અધિકારીમંડળો તેમના કાર્યો બજાવવાનું શરૂ કરે નહિ તે સમય સુધી, કુલાધિપતિની અગાઉથી મંજૂરી મેળવીને કુલપતિ, યુનિવર્સિટીના કોઈપણ અધિકારી અથવા અધ્યાપકની નિમણૂક કરી શકશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કરેલી કોઈપણ નિમણૂક વધુમાં વધુ ત્રણ વર્ષની મુદત માટે અને નિમણૂક સત્તાધિકારીને યોગ્ય લાગે તેવી શરતોએ કરવામાં આવશેઃ

પરંતુ તે માટે નાણાકીય જોગવાઈ કરવામાં આવે નહિ ત્યાં સુધી આવી કોઈ નિમણૂક કરી શકાશે નહીં.

પ્રથમ કુલપતિની અસાધારણ સત્તા.

૬૫. બોર્ડ ઓફ મેનેજમેન્ટ પોતાના કાર્યો બજાવવા શરૂ કરે નહીં ત્યાં સુધી, કલમ ૬૨ હેઠળ નીમાયેલા કુલપતિને નીચેની સત્તા રહેશેઃ-

(ક) કુલાધિપતિની અગાઉથી મંજૂરી લઈને, પ્રથમ સ્ટેચ્યૂટથી જોગવાઈ નહિ કરેલી કોઈપણ બાબત માટે જોગવાઈ કરવા માટે વધારાના સ્ટેચ્યૂટ કરવાની;

(ખ) કામચલાઉ અધિકારીમંડળો અને મંડળો રચવાની અને તેમની ભલામણો ઉપરથી યુનિવર્સિટીના કાર્ય સંચાલન માટે જોગવાઈ કરતા નિયમો કરવાની;

(ગ) રાજ્ય સરકારના નિયંત્રણને અધીન રહીને, આ અધિનિયમ અથવા તેના કોઈ ભાગને અમલમાં મૂકવા માટે જરૂરી હોય તેવી નાણાકીય વ્યવસ્થા કરવાની;

(ઘ) કુલાધિપતિની મંજૂરી લઈને, વધુમાં વધુ ત્રણ વર્ષ સુધીની મુદત માટે આ અધિનિયમથી અથવા તે હેઠળ જરૂરી હોય તેવી નિમણૂકો કરવાની;

(ચ) પોતે આદેશ કરે તેવા પોતાના કાર્યો બજાવવા માટે પોતાને યોગ્ય લાગે તેવી કોઈ સમિતિ નીમવાની; અને

(છ) સામાન્ય રીતે આ અધિનિયમની જોગવાઈઓથી અથવા તે હેઠળ બોર્ડ ઓફ મેનેજમેન્ટને સોંપેલી તમામ સત્તા અથવા તે પૈકી કોઈ સત્તા વાપરવાની.

મુશ્કેલીઓ દૂર કરવાની રાજ્ય સરકારની સત્તા.

૬૬. (૧) આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં કોઇ મુશ્કેલી ઊભી થાય તો, રાજ્ય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવા માટે જરૂરી અથવા ઇષ્ટ જણાય તેવી, આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઇઓ કરી શકશેઃ

પરંતુ આ અધિનિયમના આરંભથી ત્રણ વર્ષ પૂરા થયા પછી આ કલમ હેઠળ આવો કોઇ હુકમ કરી શકાશે નહી.

(૨) આ કલમ હેઠળ કરેલો દરેક હુકમ, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવો જોઈશે.

## ઉદ્દેશો અને કારણો

રાજયના અર્થતંત્ર પર પશુધનની ભૂમિકાની નોંધપાત્ર અસર હોય છે. પશુધનની છેલ્લી વસતી ગણતરી પ્રમાણે, રાજયમાં કુલ પશુધન આશરે બે કરોડ પાંત્રીસ લાખ છે, જે અગાઉની વસતી ગણતરીની તુલનામાં ૮.૫૫% ની વૃધ્ધિ દર્શાવે છે. પશુપાલન અને પશુવિજ્ઞાનના ક્ષેત્રમાં લોકોને વૈજ્ઞાનિક અને વિસ્તૃત તાલીમ અને શિક્ષણ આપવામાં આવે તો, પશુપાલન અને પશુઓ આધારિત અન્ય વ્યવસાયો જેવા કે, ડેરી, મરઘાંબતકાં ઉછેર અને મત્સ્યોદ્યોગમાંથી વધારે ઉપજ થશે અને પરિણામે રાજયનું અર્થતંત્ર મજબૂત બનશે. હાલમાં, પશુપાલન અને પશુવિજ્ઞાનનો અભ્યાસ, ઉપર્યુકત વ્યવસાયો સાથે સંકળાયેલા લોકોની મુખ્ય જરુરિયાત બની ગયો છે. આથી, આ સંદર્ભમાં કાયદો અધિનિયમિત કરીને ડેરી, મત્સ્યોદ્યોગ અને બીજા સંલગ્ન વિજ્ઞાનોને આવરી લેતા પશુપાલન અને પશુ વિજ્ઞાનમાં શિક્ષણ આપતી એક અલગ યુનિવર્સિટી સ્થાપવાનું જરુરી જણાયું છે. પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાનોમાં અને કૃષિવિષયક યુનિવર્સિટીઓના નિયંત્રણ અને સંચાલન હેઠળ અને સદરહુ યુનિવર્સિટીઓના વિશેષાધિકારો ધરાવતી બધી વિદ્યમાન કોલેજો, સંસ્થાઓ, સંશોધન મથકો, કેન્દ્રો અથવા શિક્ષણ આપતા બીજા એકમો, સંબંધિત યુનિવર્સિટીના વિશેષાધિકારો ધરાવવાનું ચાલું રાખવું જોઇશે.

'યુનિવર્સિટીના મુખ્ય ઉદ્દેશો અને કાર્યો નીચે પ્રમાણે છેઃ-

૧. પશુચિકિત્સા, પશુપાલન, ડેરી, મત્સ્યોદ્યોગ અને સંલગ્ન વિજ્ઞાનોમાં શિક્ષણ આપવા માટે જોગવાઇ કરવી;

૨. પશુચિકિત્સા, પશુપાલન, ડેરી, મત્સ્યોદ્યોગ અને સંલગ્ન વિજ્ઞાનોમાં આધુનિક શિક્ષણ અને સંશોધનના સંચાલનને ઉત્તેજન આપવું;

૩. પશુચિકિત્સા, પશુપાલન, ડેરી, મત્સ્યોદ્યોગ અને સંલગ્ન વિજ્ઞાનોમાં યોગ્ય માધ્યમ મારફત વિસ્તરણ શિક્ષણ હાથ ધરવું;

૪. મૂળભૂત વિજ્ઞાનને અન્ય વ્યાવસાયિક અભ્યાસક્રમો માટે સહાયક બનાવવા માટે જોગવાઇ કરવી અને તેનાથી એવા અભ્યાસને યુનિવર્સિટીના અભ્યાસક્રમોમાં આવરી લેવો;

૫. પશુચિકિત્સા અને પશુવિજ્ઞાનની ઉત્પાદકતાને ઉત્તેજન આપવાના હેતુથી અધ્યાપન, સંશોધન અને વિસ્તરણ શિક્ષણનો સમન્વય હાથ ધરવો;

આ વિધેયકથી ઉપર્યુકત ઉદ્દેશો સિધ્ધ કરવા ધાર્યું છે.

કલમો અંગેની નીચેની નોંધોથી, વિધેયકની અગત્યની જોગવાઇઓ, ટૂંકમાં, સમજાવેલ છેઃ-

**પ્રકરણ ૧.-** કલમ ૧ થી, ટૂંકી સંજ્ઞા અને આરંભ માટે જોગવાઇ કરી છે અને કલમ ૨ થી, વિધેયકમાં વાપરેલ અમુક શબ્દપ્રયોગોની વ્યાખ્યા કરી છે.

**પ્રકરણ ૨.-** આ પ્રકરણમાં, કલમો ૩થી૯નો સમાવેશ થાય છે જે, યુનિવર્સિટીની સ્થાપના અને સંસ્થાપન, તેનું મુખ્ય મથક, યુનિવર્સિટીના પ્રાદેશિક ક્ષેત્રાધિકાર, ઉદ્દેશો, સત્તાઓ અને કાર્યોને લગતી છે. કલમ ૯ થી, કુલાધિપતિ દ્વારા નિરીક્ષણ અને તપાસની જોગવાઇ કરી છે.

**પ્રકરણ ૩.-** આ પ્રકરણમાં, કલમો ૧૦થી ૧૯નો સમાવેશ થાય છે. જેનાથી એવી જોગવાઇ કરી છે, કે કુલાધિપતિ, કુલપતિ, ડીન, નિયામકો, રજિસ્ટ્રાર અને નાણા અને હિસાબી અધિકારી યુનિવર્સિટીના અધિકારીઓ ગણાશે. યુનિવર્સિટીના ઉપર્યુકત અધિકારીઓની લાયકાતો, સેવાની શરતો, સત્તાઓ, ફરજો અને કાર્યો માટે પણ જોગવાઇ કરી છે.

**પ્રકરણ ૪.-** આ પ્રકરણમાં, કલમો ૨૦થી ૩૨નો સમાવેશ થાય છે, જેનાથી બોર્ડ ઓફ મેનેજમેન્ટ, એકેડેમિક કાઉન્સિલ, પશુચિકિત્સા અને પશુવિજ્ઞાન સંશોધન પરિષદ, પશુચિકિત્સા અને

પશુવિજ્ઞાન વિસ્તરણ શિક્ષણ પરિષદ, વિદ્યાશાખાઓ, દરેક વિદ્યાશાખાના અભ્યાસ મંડળ, આયોજન મંડળ અને નાણા સમિતિ યુનિવર્સિટીના અધિકારી મંડળો રહેશે એવી જોગવાઈઓ કરી છે. તેનાથી યુનિવર્સિટીના સદરહુ અધિકારીમંડળોની રચના, સત્તાઓ, ફરજો અને કાર્યો માટે પણ જોગવાઈ કરી છે.

**પ્રકરણ ૫.-** આ પ્રકરણમાં, યુનિવર્સિટીમાં નિવાસી, પ્રશિક્ષણ, સંશોધન અને વિસ્તરણને લગતી કલમ ૩૩થી ૩૫નો સમાવેશ થાય છે.

**પ્રકરણ ૬.-** આ પ્રકરણમાં, કલમો ૩૬ અને ૩૭નો સમાવેશ થાય છે.

(૧) કલમ ૩૬થી, બોર્ડને તેમાં નિર્દિષ્ટ કરેલી બાબતો માટે સ્ટેચ્યુટસ્ કરવાની સત્તા મળે છે.

(૨) કલમ ૩૭થી, એકેડેમિક કાઉન્સિલ, વિદ્યાશાખાઓ અને દરેક વિદ્યાશાખાના અભ્યાસ મંડળને, યુનિવર્સિટીના ઉદ્દેશો માટે વિનિયમો કરવાની સત્તા મળે છે.

**પ્રકરણ ૭.-** આ પ્રકરણમાં, યુનિવર્સિટીના ફંડ અને હિસાબોને લગતી કલમો ૩૮થી ૪૫નો સમાવેશ થાય છે.

(૧) કલમો ૩૮થી ૪૩થી, યુનિવર્સિટીના ફંડ, સ્થાપના ફંડ બીજા ફંડ, પેન્શન, વીમા અને પ્રોવિડન્ડ ફંડ માટે જોગવાઈ કરી છે. તેનાથી રાજ્ય સરકાર દ્વારા યુનિવર્સિટીને અપાતા અનુદાન માટે પણ જોગવાઈ કરી છે;

(૨) કલમો ૪૪ અને ૪૫થી, યુનિવર્સિટી દ્વારા વાર્ષિક હિસાબો, ઓડિટ, નાણાકીય અંદાજો અને વાર્ષિક અહેવાલ તૈયાર કરવા અને જાળવવા માટે જોગવાઈ કરી છે.

**પ્રકરણ ૮.-** આ પ્રકરણમાં, કલમો **૪૬**થી **૫૨** નો સમાવેશ થાય છે.

(૧) કલમો ૪૬થી ૪૮થી, કોલેજોના જોડાણ, જોડાણનું વિસ્તરણ અને સંસ્થાઓની માન્યતા માટે જોગવાઈ કરી છે;

(૨) કલમ ૪૯થી, સંલગ્ન કોલેજો અને માન્ય સંસ્થાઓની તપાસ માટે જોગવાઈ કરી છે;

(૩) કલમ ૫૦થી, એવી જોગવાઈ કરી છે કે દરેક સંલગ્ન કોલેજો અને માન્ય સંસ્થાઓને અધિનિયમ, સ્ટેચ્યુટ અને વિનિયમોની જોગવાઈઓ બંધનકર્તા રહેશે;

(૪) કલમો **૫૧** અને **૫૨** થી, અનુક્રમે કોલેજો અને સંસ્થાઓના જોડાણ અને માન્યતા પાછી ખેંચવા માટેની જોગવાઈ કરી છે.

**પ્રકરણ ૯.-** આ પ્રકરણમાં, પૂરક જોગવાઈઓને લગતી કલમો ૫૩થી ૬૧નો સમાવેશ થાય છે.

(૧) કલમ ૫૩થી, યુનિવર્સિટીના કુલપતિ, રજિસ્ટ્રાર, નાણા અને હિસાબી અધિકારી, ડીન, નિયામકો અને બીજા અધિકારીઓ અને કર્મચારીઓ રાજ્ય સેવકો હોવાનું ગણાશે એવી જોગવાઈ કરી છે;

(૨) કલમ ૫૪થી, યુનિવર્સિટીના અધિકારીમંડળોને પોતાના સભ્યો અને બીજી વ્યક્તિઓમાંથી સમિતિઓ રચવાની સત્તા મળે છે;

(૩) કલમ ૫૫થી, યુનિવર્સિટીના અધિકારીમંડળને પોતાની સત્તા, તેના તાબા હેઠળના એવા અધિકારી અથવા સત્તાધિકારીને, સોંપવાની સત્તા મળે છે;

(૪) કલમ ૫૬થી, યુનિવર્સિટીને, યુનિવર્સિટીના કર્મચારીઓના હોદ્દાઓ, લાયકાતો, ભરતી પ્રક્રિયાની પધ્ધતિ, પગાર અને ભથ્થાં ઠરાવવાની સત્તા મળે છે અને તેમની સત્તા અને ફરજો અને સેવાની બીજી બોલીઓ અને શરતો માટે પણ જોગવાઈ કરી છે;

(૫) કલમ ૫૭થી, બોર્ડને, કુલાધિપતિની મંજૂરીથી, યુનિવર્સિટીના કોઇ અધિકારીમંડળ અથવા મંડળના સભ્યપદમાંથી કોઇ વ્યક્તિને, તેની વર્તણૂક તેણે ધારણ કરેલા હોદ્દાને છાજે તેવી નથી એ આધાર પર દૂર કરવાની સત્તા આપે છે;

(૬) કલમ ૫૮થી, યુનિવર્સિટીના કોઇ અધિકારીમંડળ અથવા મંડળના સભ્યની પ્રસંગોપાત ખાલી પડતી જગા ભરવા માટે જોગવાઇ કરી છે;

(૭) કલમ ૫૯થી, યુનિવર્સિટીના કોઇ અધિકારીમંડળ અથવા બીજા મંડળના કાર્ય અથવા કાર્યવાહીને, માત્ર તેના સભ્યપદમાંથી કોઇ ખાલી જગાના કારણે અથવા તેમાં દર્શાવેલ કારણમાત્રથી, અમાન્ય ઠરાવી શકાશે નહિ એવી જોગવાઇ કરી છે;

(૮) કલમ ૬૦થી, જે અધિનિયમ, સ્ટેચ્યુટસ અથવા વિનિયમોની કોઇ જોગવાઇના અર્થઘટનને લગતો કોઇ પ્રશ્ન ઉદ્ભવે અથવા યુનિવર્સિટી અધિકારીમંડળ અથવા મંડળની રચનાને લગતા કોઇ તકરારના સંદર્ભમાં, રાજય સરકારનો નિર્ણય આખરી ગણાશે એવી જોગવાઇ કરી છે;

(૯) કલમ ૬૧થી, યુનિવર્સિટી અથવા કોઇ મંડળ, અધિકારીમંડળ અથવા અધિકારીઓ અથવા બીજા કર્મચારીઓ દ્વારા લેવાયેલા પગલાં માટે સામાન્ય ક્ષતિપૂર્તિની જોગવાઇ કરી છે;

પ્રકરણ.૧૦.- આ પ્રકરણમાં, વચગાળાની જોગવાઇઓને લગતી કલમો ૬૨ થી ૬૬નો સમાવેશ થાય છે.

(૧) કલમ ૬૨થી, આ અધિનિયમના આરંભ પછી વ્યવહાર્ય હોય તેટલું જલ્દી રાજય સરકાર દ્વારા પ્રથમ કુલપતિની નિમણૂક માટે જોગવાઇ કરી છે;

(૨) કલમ ૬૩થી, પ્રથમ કુલપતિની વચગાળાની સત્તાઓ માટે જોગવાઇ કરી છે;

(૩) કલમ ૬૪થી, યુનિવર્સિટીના અધિકારીઓ અને અધ્યાપકોની પ્રથમ નિમણૂક માટે જોગવાઇ કરી છે;

(૪) કલમ ૬૫થી, પ્રથમ કુલપતિની અસાધારણ સત્તાઓ માટે જોગવાઇ કરી છે.

(૫) કલમ ૬૬થી, અધિનિયમના આરંભની તારીખથી ત્રણ વર્ષમાં ઊભી થતી મુશ્કેલીઓ દૂર કરવાની રાજય સરકારની સત્તા માટે જોગવાઇ કરી છે.

દિલીપ સંઘાણી,

IX - Ex.- 87-10

## નાણાકીય યાદી

વિધેયકની કલમ ૩થી, કામધેનુ યુનિવર્સિટીની સ્થાપના કરવા માટેની જોગવાઈ કરી છે.

કલમો ૮, ૧૨, ૧૪, ૧૬, ૧૮ અને ૧૯થી, યુનિવર્સિટીના અધ્યાપકો, બીજા વહીવટી અને કારકુની સ્ટાફ, કુલપતિ, રજિસ્ટ્રાર, નાણા અને હિસાબી અધિકારી, ડીન, નિયામકો અને અધિકારીઓ અને કર્મચારીઓની નિમણુંકની જોગવાઈ કરી છે.

કલમો ૩૮, ૩૯ અને ૪૩થી, યુનિવર્સિટીના ફંડ અને સ્થાપના ફંડ અને યુનિવર્સિટીના બેઠકોના ખર્ચા અને સ્ટાફના પગાર અને ભથ્થાં, અન્ય આવર્તક અને અનાવર્તક ખર્ચાઓને પહોંચી વળવા રાજય સરકારે આપવાની ગ્રાન્ટ અને ફાળાની જોગવાઈ કરી છે. આ તબકકે, યુનિવર્સિટી ફંડ અને સ્થાપના ફંડ અને બેઠકો માટેના અન્ય ખર્ચાને પહોંચી વળવા માટે ગ્રાન્ટ અથવા ફાળા સ્વરૂપે નાણાની ઉપલબ્ધિ સુનિશ્ચિત થવી શકય નથી.

યુનિવર્સિટીની સ્થાપના, સ્ટાફ માટેના કવાર્ટર્સ, મકાનો, એપ્રોચ રોડ, કંપાઉન્ડની દિવાલ, કચેરીના બાંધકામનાં શરુઆતના ખર્ચાઓને તેમજ કુલપતિની કચેરીઓ અને ફર્નિચર અને રાચરચીલું, આકસ્મિક ખર્ચ, વાહનો વગેરેના ખર્ચાઓને પહોંચી વળવા માટે સન ૨૦૦૯-૧૦ માટે યોજનાકીય બજેટમાં છ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. આ વિધેયક, અધિનિયમિત કરવામાં આવે અને અમલમાં લાવવામાં આવે તો રાજયના એકત્રિત ફંડમાંથી આટલા પ્રમાણમાં ખર્ચ થશે.

દિલીપ સંઘાણી,

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છેઃ-

કલમ ૧.-- આ કલમની પેટા-કલમ(૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, જે તારીખે કલમ ૧ સિવાયની જોગવાઈઓ અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની અને જુદી જુદી જોગવાઈઓ માટે જુદી જુદી તારીખો નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ ૪.-- આ કલમથી, રાજ્ય સરકારને, રાજપત્રમાં, જાહેરનામાથી, યુનિવર્સિટીનું મુખ્ય મથક નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

કલમ ૬.-- આ કલમના પેટા-ખંડ(જ)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં, જાહેરનામાથી, યુનિવર્સિટીના ઉદ્દેશો નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

કલમ ૭.-- આ કલમના પરંતુકથી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, પ્રવેશ આપવાના વિદ્યાર્થીઓની સંખ્યા અને સદરહુ વર્ગોના વિદ્યાર્થીઓએ ધરાવવી જોઈશે તે લઘુત્તમ શૈક્ષણિક લાયકાત અથવા બીજી લાયકાતો, સ્ટેચ્યુટસ્થી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૮.-- (૧) આ કલમની પેટા-કલમ(૬)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, યુનિવર્સિટીએ જે રીતે માનદ્ પદવીઓ અથવા બીજા વિશિષ્ટમાન આપવાના હોય તે રીત, સ્ટેચ્યુટસ્થી ઠરાવવાની સત્તા મળે છે;

(૨) પેટા-કલમ(૭)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને યુનિવર્સિટીએ એનાયત કરેલા અથવા આપેલા કોઈ પદવી, ડિપ્લોમા અથવા પ્રમાણપત્ર, જે રીતે પાછા ખેંચી શકાય અથવા રદ કરી શકાય, તે રીત સ્ટેચ્યુટસ્થી ઠરાવવાની સત્તા મળે છે;

(૩) પેટા-કલમ(૮)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, યુનિવર્સિટીના નિયમિત વિદ્યાર્થી તરીકે નોંધાયેલ ન હોય તેવા ક્ષેત્રીય કાર્યકરો અને બીજા વ્યકિતઓ અને ગ્રામ નેતાઓને અપાતા વ્યાખ્યાનો, પ્રશિક્ષણો અને તાલીમ અને તેમને પ્રમાણપત્રો આપવાનું સ્ટેચ્યુટસ્થી ઠરાવવાની સત્તા મળે છે;

(૪) પેટા-કલમ(૯)થી, યુનિવર્સિટીને, જે રીતે અને જે હેતુ માટે, યુનિવર્સિટી બીજી યુનિવર્સિટીઓ અને સંસ્થાઓ સાથે સહયોગ અને સહકાર કરી શકે, તે રીત અને હેતુ, સ્ટેચ્યુટસ્થી ઠરાવવાની સત્તા મળે છે;

(૫) પેટા-કલમ(૧૫)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, યુનિવર્સિટીએ માંગવાના, મેળવવાના અથવા વસૂલ કરવાની ફી અને બીજા ચાર્જ સ્ટેચ્યુટસ્થી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૧.- આ કલમની પેટા-કલમ (૪)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, કુલાધિપતિએ વાપરવાની બીજી સત્તાઓ અને બજાવવાની ફરજો સ્ટેચ્યુટથી ઠરાવવાની સત્તા મળે છે;

કલમ ૧૨.- (૧) આ કલમની પેટા-કલમ(૨)ના પરિચ્છેદ (ક)થી, રાજ્ય સરકારને, કુલાધિપતિએ નીમવાની તપાસ સમિતિ પર પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાનના ક્ષેત્રમાંથી ત્રણ સભ્યો નામનિયુકત કરવાની સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા-કલમ(૩)થી, સમિતિએ જે સમયની અંદર અને જે રીતે કુલપતિઓ તરીકે નીમવા યોગ્ય ગણાય તેવી ત્રણ વ્યકિતઓની પસંદગી કરવી જોઈશે તે સમય અને રીત સ્ટેચ્યૂટથી ઠરાવવાની; અને આવી રીતે પસંદ થયેલા નામો સહિત સમિતિ, કુલાધિપતિને ભલામણ કરી શકે તેવી બીજી વિગતો ઠરાવવાની સત્તા મળે છે;

(૩) પેટા-કલમ (૫)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, કુલપતિના મળતર અને સેવાની બીજી બોલીઓ અને શરતો સ્ટેચ્યુટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૩.- આ કલમની પેટા-કલમ(૧૦)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, કુલપતિએ વાપરવાની બીજી સત્તાઓ અને બજાવવાની ફરજો સ્ટેચ્યુટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૪.- આ કલમની પેટા-કલમ(૧)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, રજિસ્ટ્રારની લાયકાતો, મળતરો અને સેવાની બીજી બોલીઓ અને શરતો સ્ટેચ્યુટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૫.- પેટા-કલમ (૧)ના ખંડ(ટ)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, રજિસ્ટ્રારે વાપરવાની બીજી સત્તાઓ અને બજાવવાની બીજી ફરજો સ્ટેચ્યુટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૬.- આ કલમની પેટા-કલમ (૩)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, નાણા અને હિસાબી અધિકારીના મળતર અને સેવાની બીજી બોલીઓ અને શરતો સ્ટેચ્યુટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૭.- (૧) આ કલમની પેટા-કલમ (૧)ના પરિચ્છેદ (ખ)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, નાણા અને હિસાબી અધિકારીએ બજાવવાની બીજી સત્તાઓ અને નાણાકીય કામગીરી સ્ટેચ્યુટથી ઠરાવવાની સત્તા મળે છે.

(૨) પેટા-કલમ(૧)ના પરંતુકથી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, નાણા અને હિસાબી અધિકારીએ જે રકમ કરતાં વધુ કોઇપણ ખર્ચ અથવા કોઇપણ રોકાણ કરવું જોઇશે નહિ તે રકમ સ્ટેચ્યુટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૮.- (૧) આ કલમની પેટા-કલમ(૧)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, દરેક વિદ્યાશાખાના ડીનની જે રીતે નિમણૂક કરવી જોઇશે તે રીત સ્ટેચ્યુટથી ઠરાવવાની સત્તા મળે છે;

(૨) પેટા-કલમ(૩)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, ડીને વાપરવાની બીજી સત્તાઓ અને બજાવવાના કાર્યો સ્ટેચ્યુટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૯.- આ કલમની પેટા-કલમો (૨) અને (૩)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, સંશોધન નિયામક, વિસ્તરણ શિક્ષણ નિયામક, ઇન્ફોર્મેશન ટેકનોલોજી નિયામક અને વિદ્યાર્થી કલ્યાણ નિયામકની લાયકાતો, મળતરો અને સેવાની બીજી બોલીઓ અને શરતો અને આવા નિયામકોએ વાપરવાની સત્તાઓ અને બજાવવાના કાર્યો સ્ટેચ્યુટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૨૧.- (૧) આ કલમની પેટા-કલમ(૪)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, નામનિયુક્ત થયેલા સભ્યોને ચૂકવવાના દૈનિક અને મુસાફરી ભથ્થાં સ્ટેચ્યુટથી ઠરાવવાની સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા-કલમ (૫) થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, બોર્ડે જેની સાથે પરામર્શ કર્યો હોય અને બેઠકમાં હાજર રહયો હોય તે વ્યક્તિને ચૂકવવાનું આવું ભથ્થું સ્ટેચ્યુટથી ઠરાવવાની સત્તા મળે છે.

(૩) આ કલમની પેટા-કલમ(૮)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, બોર્ડે જે રીતે બેઠક યોજવી જોઇશે અને તેનું કામકાજ ચલાવવું જોઇશે તે રીત સ્ટેચ્યુટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૨૨.- (૧) આ કલમની પેટા-કલમ (૨)ના પરિચ્છેદ (૧૭)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાન અથવા વિસ્તરણ શિક્ષણની સંશોધન કોલેજોનું જોડાણ કરવા અથવા સંસ્થાઓને માન્યતા આપવા સ્ટેચ્યુટથી ઠરાવવાની સત્તા મળે છે.

(૨) પરિચ્છેદો (૨૩) અને (૨૪)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, યુનિવર્સિટી, સંલગ્ન કોલેજો, ઘટક કોલેજો અને માન્ય સંસ્થાઓના શૈક્ષણિક, બીજા એકેડેમિક અને બિન-શૈક્ષણિક સ્ટાફના અધિકારીઓ, સભ્યોના પગાર ધોરણો, ભથ્થાં અને સેવાની શરતો ઠરાવવાની અને તેનું નિયમન કરવાની સત્તા મળે છે.

(૩) પરિચ્છેદો (૨૬) અને (૨૭) થી, બોર્ડને, પદવી, ડિપ્લોમા અને બીજા શૈક્ષણિક વિશિષ્ટ માન અને અધ્યેતાવૃતિ અને શિષ્યવૃતિ, વિદ્યાર્થીવૃતિ, પારિતોષિકો, ચંદ્રકો, ઇનામો અને બીજા પુરસ્કારો આપવાની અને તે એનાયત કરવા સ્ટેચ્યુટથી ઠરાવવાની સત્તા મળે છે;

(૪) પરિચ્છેદ (૩૦) થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, પ્રશિક્ષણ અને પરીક્ષાના માધ્યમ તરીકે ગુજરાતી, હિન્દી, અંગ્રેજીના ઉપયોગ માટેની જોગવાઇઓ કરવાની સત્તા મળે છે;

(૫) પરિચ્છેદ (૩૨)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, સ્ટેચ્યુટ કરવાની, તે સુધારવાની અથવા રદ કરવાની સત્તા મળે છે.

કલમ ૨૩.- (૧) આ કલમની પેટા-કલમ (૧)ના પરિચ્છેદ (૯)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, પશુચિકિત્સા વિજ્ઞાન અને ડેરી અને મત્સ્યોદ્યોગ યુનિવર્સિટીની વિદ્યાશાખામાંથી વિભાગના વડામાંથી ચાર સભ્યોને કુલપતિએ વારાફરતીથી જે રીતે નામનિયુક્ત કરવા જોઇશે તે રીત સ્ટેચ્યુટથી ઠરાવવાની સત્તા મળે છે.

(૨) પેટા-કલમ(૨)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, એકેડેમિક કાઉન્સિલ જે સમયગાળા માટે અને જે રીતે વધારાના સભ્યોને કો-ઓપ્ટ કરી શકશે તે સમયગાળો અને રીત સ્ટેચ્યુટથી ઠરાવવાની સત્તા મળે છે;

(૩) પેટા-કલમ(૪)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, એકેડેમિક કાઉન્સિલે જે રીતે બેઠક યોજવી જોઇશે અને તેનું કામકાજ ચલાવવું જોઇશે તે રીત સ્ટેચ્યુટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૨૪.- (૧) આ કલમની પેટા-કલમ(૨)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, એકેડેમિક કાઉન્સિલે જે તે કલમમાં જે શરતોએ, નિર્દિષ્ટ કરેલી સત્તાઓ વાપરવી જોઇશે અને ફરજો બજાવવી જોઇશે તે શરતોને અધીન રહીને, સ્ટેચ્યુટથી ઠરાવવાની સત્તા મળે છે;

(૨) પેટા-કલમ (૨)ના પરિચ્છેદ (૪)થી, એકેડેમિક કાઉન્સિલને, યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પ્રવેશ સંબંધી અને પ્રવેશ આપવાની વિદ્યાર્થીઓની સંખ્યા નકકી કરવા વિનિયમો કરવાની સત્તા મળે છે.

(૩) પેટા-કલમ (૨)ના પરિચ્છેદ (૮) થી, એકેડેમિક કાઉન્સિલને, પરીક્ષાના સંચાલન સંબંધી વિનિયમો કરવાની સત્તા મળે છે;

(૪) પરિચ્છેદો (૧૧) અને (૧૨) થી, એકેડેમિક કાઉન્સિલને અભ્યાસક્રમ અને શૈક્ષણિક બાબતો માટે વિનિયમો કરવાની સત્તા મળે છે;

(૫) પરિચ્છેદ (૧૪)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, એકેડેમિક કાઉન્સિલે વાપરવાની બીજી સત્તાઓ આપવા અને બજાવવાની બીજી ફરજો લાદવા માટે સ્ટેચ્યુટ કરવાની સત્તા મળે છે;

કલમ ૨૫.- (૧) આ કલમની પેટા-કલમ(૧)ના પરિચ્છેદ (૭)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, પશુચિકિત્સા અને પશુ વિજ્ઞાન સંશોધન પરિષદમાંના વિભાગના એક વડાને કુલપતિએ જે રીતે વારાફરતી નામનિયુક્ત કરવા જોઇશે તે નામનિયુક્તિની રીત સ્ટેચ્યુટથી ઠરાવવાની સત્તા મળે છે.

(૨) પેટા-કલમ(૩)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, પશુચિકિત્સા અને પશુ વિજ્ઞાન સંશોધન પરિષદે જે રીતે તેની બેઠકો યોજવી જોઇશે અને જે રીતે તેનું કામકાજ ચલાવવું જોઇશે તે રીત સ્ટેચ્યુટથી ઠરાવવાની સત્તા મળે છે;

કલમ ૨૭.- (૧) આ કલમની પેટા-કલમ (૧)ના પરિચ્છેદ (૭)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, પશુચિકિત્સા અને પશુ વિજ્ઞાન વિસ્તરણ શિક્ષણ પરિષદે વિભાગના એક વડાને કુલપતિએ જે રીતે વારા ફરતી નામનિયુક્ત કરવા જોઇશે તે નામનિયુક્તિની રીત સ્ટેચ્યુટથી ઠરાવવાની સત્તા મળે છે;

(૨) પેટા-કલમ (૩)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, પશુચિકિત્સા અને પશુવિજ્ઞાન વિસ્તરણ શિક્ષણ પરિષદે જે રીતે તેની બેઠકો યોજવી જોઇશે અને જે રીતે કામકાજ ચલાવવું જોઇશે તે રીત સ્ટેચ્યુટથી ઠરાવવાની સત્તા મળે છે;

કલમ ૨૯.- (૧) આ કલમની પેટા-કલમો (૧) અને (૨) થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, વિદ્યાશાખાઓને યુનિવર્સિટીની વિદ્યાશાખાઓ તરીકે નિભાવવાની અને બીજી એવી વિદ્યાશાખાઓના, વિભાગો, પ્રભાગો અને કેન્દ્રો માટેની પણ જોગવાઇ કરવાની સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા-કલમ (૩)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને વિદ્યાશાખાઓની રચના, તેની સત્તા અને કાર્યો સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૩૦.- આ કલમથી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, દરેક વિષય અથવા વિષયોના જૂથ માટે અભ્યાસ મંડળ અને તેની રચના, સત્તા અને કાર્યો સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે;

કલમ ૩૩.- આ કલમથી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, પશુચિકિત્સા અને પશુવિજ્ઞાનની વિદ્યાશાખા, ડેરી, મત્સ્યોદ્યોગ અને બીજા સંલગ્ન વિજ્ઞાનમાં સ્નાતકની પદવી, અનુસ્નાતકની પદવી, ડોકટરેટ પદવી કાર્યક્રમો અને ટૂંકી મુદતના ડિપ્લોમા અને પ્રમાણપત્ર અભ્યાસક્રમો સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે;

કલમ ૩૬.- આ કલમથી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, પેટા-કલમ(૨)માં નિર્દિષ્ટ કરેલી બાબતો માટે સ્ટેચ્યૂટ કરવાની સત્તા મળે છે અને કુલાધિપતિની મંજૂરીથી તે સ્ટેચ્યૂટ સુધારવાની, તે રદ કરવાની અથવા ઉમેરવાની પણ સત્તા મળે છે.

કલમ ૩૭.- આ કલમની પેટા-કલમ(૧)થી, એકેડેમિક કાઉન્સિલ, વિદ્યાશાખાઓ અને અભ્યાસ મંડળોને તેમાં નિર્દિષ્ટ કરેલી બાબતોના સંબંધમાં વિનિયમો કરવાની સત્તા મળે છે;

કલમ ૩૯.- આ કલમની પેટા-કલમ(૩)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, જે રીતે યુનિવર્સિટીના ફંડ અને તમામ નાણાની વ્યવસ્થા કરવી જોઇશે તે રીત સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૪૦.- આ કલમથી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, યુનિવર્સિટીનું એવું બીજું ફંડ સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે;

કલમ ૪૧.- આ કલમની પેટા-કલમ(૧)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને પેન્શન, પ્રોવિડંટ ફંડ અને વીમા વગેરે જેવી બાબતોમાં યુનિવર્સિટીએ જે રીતે અને જે શરતોને અધીન રહીને, તેના અધિકારીઓ, અધ્યાપકો અને બીજા સેવકોના લાભ માટે જોગવાઇ કરવી જોઇશે તે રીત અને શરતો સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૪૪.- આ કલમની પેટા-કલમ(૨)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, આગામી વર્ષ માટે બોર્ડ ઓફ મેનેજમેન્ટ નાણાકીય અંદાજો જે તારીખ પહેલાં તૈયાર કરવા જોઇશે તે તારીખ ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૪૬.- આ કલમની પેટા-કલમ(૧)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, યુનિવર્સિટીના જોડાણ માટે અરજી કરવા માટેની રીત, અરજીનો નમૂનો, ફી અને બાંયધરી સ્ટેચ્યૂટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૫૬.- (૧) આ કલમની પેટા-કલમ(૧)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, યુનિવર્સિટીના તમામ કર્મચારીઓના હોદ્દા, લાયકાતો, ભરતીની પધ્ધતિ, પગાર અને ભથ્થાં, સત્તાઓ અને ફરજો અને બીજી બોલીઓ અને શરતો સ્ટેચ્યુટથી ઠરાવવાની સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા-કલમ(૨)થી, બોર્ડ ઓફ મેનેજમેન્ટને, યુનિવર્સિટીના અધિકારી અથવા કર્મચારી યુનિવર્સિટીના કોઇપણ કામનું કોઇપણ મળતર જે સમયે સ્વીકારી શકશે તે સમયે સ્ટેચ્યુટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૬૨.- આ કલમથી, રાજય સરકારને, રાજય સરકાર યોગ્ય ગણે તેવી બોલીઓ અને શરતોએ, ત્રણ વર્ષ કરતાં વધુ ન હોય તેટલા મુદત માટે પ્રથમ કુલપતિની નિમણૂક કરવાની સત્તા મળે છે.

કલમ ૬૩.- (૧) આ કલમની પેટા-કલમ(૧)થી, રાજય સરકારને રાજપત્રમાં જાહેરનામાથી પ્રથમ કુલપતિ દ્વારા યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલ અને બીજા સત્તામંડળોની(બોર્ડ સિવાયના) રચના કરવા એકંદરે એક વર્ષથી વધુ ન હોય તેટલી મુદત નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

(૨) પેટા-કલમ(૨)ના પરિચ્છેદ(ક)ની બાબત (૧)થી, પ્રથમ કુલપતિને, યુનિવર્સિટીના અધિકારીમંડળોની રચના કરવા માટે, બેઠકો સંબંધી બાબતો માટે અને આવી બેઠકો ખાતે કામકાજ ચલાવવા સરકાર સાથે વિચારવિનિમય કરીને કામચલાઉ સ્ટેચ્યુટ કરવાની સત્તા મળે છે.

(૩) પેટા-કલમ(૨)ના પરિચ્છેદ (ક)ની બાબત(૨)થી, પ્રથમ કુલપતિને અધિકારીમંડળોની રચના કરવા માટેની પદ્ધતિ માટે નિયમો કરવાની સત્તા મળે છે.

(૪) પેટા-કલમ(૨)ના પરિચ્છેદ (ખ)થી, સંબંધિત અધિકારીમંડળો, તેમના કાર્યો બજાવવાનું આરંભ કરે ત્યારે, પ્રથમ કુલપતિને પ્રથમ સ્ટેચ્યુટ અને વિનિયમો ઘડવાની સત્તા મળે છે.

(૫) આ કલમની પેટા-કલમ(૩)થી, રાજય સરકારને, પ્રથમ કુલપતિએ પેટા-કલમ(૧) હેઠળ, જે તારીખે અથવા જે તારીખોએ રચાયેલા હોય તેવા અધિકારીમંડળોએ તેમના કાર્યો બજાવવાનો આરંભ કરવા જોઇશે તે તારીખ અથવા તે તારીખો રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

(૬) આ કલમની પેટા-કલમ(૪)થી, પ્રથમ કુલપતિને, અધિકારીમંડળની યોગ્યપણે રચના કરવામાં ન આવે તેટલા સમય સુધી પેટા-કલમ(૧) હેઠળ રચાયેલા અધિકારીમંડળની કોઇપણ સત્તાઓ વાપરવા અને તેના કાર્યો બજાવવા કોઇપણ અધિકારીની નિમણૂક કરવાની અથવા કામચલાઉપણે કોઇપણ સમિતિની રચના કરવાની સત્તા મળે છે.

કલમ ૬૪- આ કલમથી, પ્રથમ કુલપતિને, યુનિવર્સિટીના અધિકારીમંડળો તરીકેના તેટલા સમય સુધી, આ અધિનિયમના આરંભ પછી, ત્રણ વર્ષ કે તેથી વધુ ન હોય તેટલા સમયગાળા માટે યુનિવર્સિટીના કોઇપણ અધિકારી અથવા અધ્યાપકની નિમણૂક, કુલાધિપતિની પૂર્વમંજૂરીથી, કરવાની સત્તા મળે છે.

કલમ ૬૫- આ કલમની બાબતો (ક) અને (ખ)થી, પ્રથમ સ્ટેચ્યુટથી જોગવાઇ કરેલી ન હોય તેવી કોઇપણ બાબત માટે પ્રથમ કુલપતિને, કુલાધિપતિની અગાઉથી મંજૂરી લઇને વધારાના સ્ટેચ્યુટ કરવાની અને કામચલાઉ અધિકારીમંડળો અને મંડળો રચવાની તેમની ભલામણો પરથી યુનિવર્સિટીના કામગીરીના સંચાલન માટેની જોગવાઇ કરતાં નિયમો કરવાની સત્તા મળે છે.

કલમ ૬૬- આ કલમથી, રાજય સરકારને, રાજપત્રમાં હુકમ પ્રસિધ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવા માટે જરૂરી અથવા યોગ્ય જણાય તેવી, પ્રથમ ત્રણ વર્ષોની અંદર ઉદ્‌ભવતી કોઇપણ મુશ્કેલી દૂર કરવા માટે આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઇઓ કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

ગાંધીનગર.
તારીખ: ૨૫મી જૂન, ૨૦૦૯.

દિલીપ સંઘાણી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**એચ. ડી. વ્યાસ,**
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

ગાંધીનગર,
તારીખ : ૨૫મી જૂન, ૨૦૦૯.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.